dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue-337 | AD - 2026, Bhadarva Sud-03 | Monday, Dt. 14-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### બંને દેશોએ પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત જેવા ત્રણ મુખ્ય સિધ્ધાંતો પર ભાર મૂક્યો

## ભારત અને ચીન વચ્ચેના મતભેદો ક્યારેય વિવાદ ન બનાવા જોઈએ : નરેન્દ્ર મોદી

નવી દિલ્હી,તા.૧૩

નવી દિલ્હી ખાતે આયોજિત બ્રિક્સ સમિટ દરમિયાન ભારત અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોમાં મહત્વપૂર્ણ સુધારો જોવા મળ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય બેઠકમાં બંને દેશોએ પરસ્પર આદર, પરસ્પર સંવેદનશીલતા અને પરસ્પર હિત જેવા ત્રણ મુખ્ય સિદ્ધાંતો પર ભાર મૂક્યો હતો. વડાપ્રધાન મોદીએ સ્પષ્ટ કર્યું હતું કે બંને દેશો વચ્ચે કેટલીક બાબતોમાં મતભેદો હોઈ શકે છે, પરંતુ આ મતભેદો ક્યારેય વિવાદ બનવા જોઈએ નહીં. બંને દેશો સંબંધોને વ્યૂહાત્મક તેમજ લાંબા ગાળાના દ્રષ્ટિકોણથી જોવા, સીમા વિવાદનો વાજબી અને સર્વસ્વીકાર્ય ઉકેલ શોધવા, વેપાર-સંસ્કૃતિ વધારવા અને વૈશ્વિક પડકારો પર સહયોગ કરવા જેવા સાત મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સંમત થયા છે. રાષ્ટ્રપતિ શી જિનપિંગે પણ સ્વીકાર્યું કે ગ્લોબલ સાઉથના પ્રમુખ સભ્યો તરીકે બંને દેશોની વૈશ્વિક સ્તરે મોટી જવાબદારી છે. આ સમિટની મોટી રાજદ્વારી સફળતા એ રહી કે ચીને નવી દિલ્હી ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC) ના સુધારા અંગે ભારતના વલણને ટેકો આપ્યો છે.વડાપ્રધાન મોદીએ બ્રિક્સ મંચ પરથી સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું જેવા ચાર મુખ્ય સ્તંભો રજૂ કર્યા હતા.



તેમણે જણાવ્યું કે આબોહવા પરિવર્તન, આપત્તિઓ, રોગચાળો અને સપ્લાય ચેઈનના વિઘટન જેવી કટોકટીઓ માત્ર એક પ્રદેશ સુધી સીમિત રહેતી નથી. આ માટે ચેપી રોગોના નિયંત્રણ માટે અર્લી વૉર્નિંગ સિસ્ટમ, લોજિસ્ટિક્સ સપ્લાય ચેઈન કોઓપરેશન ફ્રેમવર્ક, બ્રિક્સ સ્ટાર્ટઅપ ઈનોવેશન ફંડ અને ડિજિટલ એગ્રીકલ્ચર નેટવર્ક જેવી પહેલો પર સંમતિ સાધવામાં આવી છે. પર્યાવરણ અને વિકાસને એકબીજાના પૂરક ગણાવતા પીએમ મોદીએ કહ્યું કે બ્રિક્સની સાચી તાકાત તેની વિવિધતામાં છે અને ગ્લોબલ સાઉથના દેશોનો વિશ્વાસ બ્રિક્સ પર સતત વધી રહ્યો છે. આપણી વિવિધતા જ આપણી ઓળખ અને સહયોગ આપણી પ્રેરણા છે.

### પીએમ મોદીએ ચીની રાષ્ટ્રપતિની કુશળતા પૂછવા ભાષણ અટકાવ્યું

નવી દિલ્હી ખાતે આયોજિત BRICS સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રારંભિક સંબોધન વચ્ચે જ અટકાવી દીધું હતું. સાત વર્ષ પછી ભારતની મુલાકાતે આવેલા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ અસ્વસ્થ જણાતા પીએમ મોદીએ તેમના ટ્રાન્સલેટર તરફ ફરીને બે વાર ‘બધું ઠીક તો છે ને?’ કહી પૂછપરછ કરી હતી. માઈક્રોફોન કે ટ્રાન્સલેશનમાં ક્ષતિના કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાનું અનુમાન છે. જિનપિંગે માથું હલાવી સંમતિ આપતાં પીએમ મોદીએ ભાષણ આગળ ધપાવ્યું હતું. બેહાલ સરહદી સંબંધો સુધારવાના પ્રયાસો વચ્ચે મોદીની આ ચિંતા બંને નેતાઓ વચ્ચેનું સૌહાર્દ દર્શાવે છે. જોકે, દ્વિપક્ષીય વાટાઘાટો બાદ થાકને કારણે શી જિનપિંગે સાંજે યોજાયેલા ગાલા ડિનરમાં હાજરી આપી ન હતી.

## શી જિનપિંગ વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય બેઠક બાદ કોંગ્રેસે કેન્દ્ર સરકાર પર કર્યા આકરા પ્રહારો

નવી દિલ્હી,તા.૧૩

નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે યોજાયેલી દ્વિપક્ષીય બેઠક બાદ કોંગ્રેસ પક્ષે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે રાષ્ટ્રીય સુરક્ષા, સરહદી વિવાદ અને દેશના આર્થિક હિતોને લગતા ચાર મુખ્ય મુદ્દાઓ પર વડાપ્રધાન પાસે સ્પષ્ટતા માંગી છે.



કોંગ્રેસે સૌપ્રથમ વર્ષ ૨૦૨૦માં ગલવાન હિંસા બાદ વડાપ્રધાન દ્વારા આપવામાં આવેલા નિવેદન પર સવાલ ઉઠાવતા પૂછ્યું કે, શું તે નિવેદનની સરહદ વાટાઘાટો પર નકારાત્મક અસર પડી છે. બીજા મુદ્દામાં પૂર્વી લદ્દાખમાં ભારતીય સૈનિકોના પરંપરાગત પેટ્રોલિંગ અને પશુપાલકોના ચરાઈ અધિકારોમાં થયેલા ઘટાડા તેમજ અરુણાચલ પ્રદેશમાં ચીન દ્વારા સ્થળોના નામ બદલવા અને બ્રહ્મપુત્ર નદી પર બની રહેલા મેગા-ડેમ પ્રોજેક્ટ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

ત્રીજા પ્રશ્નમાં ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને ચીન દ્વારા મળેલા કથિત સમર્થન અને સેનાના વરિષ્ઠ અધિકારીઓના નિવેદનોમાં વિસંગતતા અંગે સ્પષ્ટતા માંગવામાં આવી હતી. અંતે, નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ચીન સાથે ભારતની વેપાર ખાધ ૧૧૨.૬ અબજ ડોલરની રેકોર્ડ સપાટીએ પહોંચવા અંગે કેન્દ્ર સરકારની ‘મેક ઈન ઈન્ડિયા’ નીતિ પર સવાલો ઉઠાવી, આયાત પર નિર્ભરતા ઘટાડવા સ્પષ્ટ રણનીતિ જાહેર કરવા માંગ કરી છે.

## પશ્ચિમ બંગાળમાં ૨૫૨ બિનઅધિકૃત મદરેસા બંધ થશે, ૧૦૦થી વધુ સંસ્થાઓને નોટિસ

કોલકત્તા,તા.૧૩

પશ્ચિમ બંગાળમાં ગેરકાયદેસર અને બિનઅધિકૃત રીતે ચાલતી મદરેસાઓ સામે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. લઘુમતી બાબતો અને મદરેસા શિક્ષણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા વ્યાપક સર્વેક્ષણ બાદ સરકારે ૨૫૨ મદરેસાઓને બંધ કરવાની આખરી નોટિસ ફટકારી દીધી છે. આ ઉપરાંત અન્ય ૧૦૦થી વધુ મદરેસાઓને કારણ દર્શાવક (શો-કોઝ) નોટિસ જાહેર



કરવામાં આવી છે.

રાજ્યના ૨૨ જિલ્લાઓમાં હાથ ધરાયેલા આ સર્વેમાં મુખ્યત્વે ‘ખારીજી’ મદરેસાઓ માન્યતા વિના ચાલતી હોવાનું સામે આવ્યું છે. ‘ખારીજી’ મદરેસાઓ એ એવી સ્વતંત્ર ઈસ્લામિક શૈક્ષણિક સંસ્થાઓ છે જે કોઈ પણ સરકારી કે રાજ્ય મદરેસા શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી હોતી નથી અને સરકારી શિક્ષણ માળખાની બહાર કાર્ય કરે છે. સર્વેના પ્રથમ તબક્કામાં આવી ૨,૩૯૬ ખારીજી મદરેસાઓની ઓળખ કરવામાં આવી હતી.


સરકારી તપાસ દરમિયાન મદરેસાઓનું સંચાલન, વિદ્યાર્થીઓની સંખ્યા, ફંડિંગના સ્ત્રોત અને રજીસ્ટ્રેશન જેવા મહત્વના પાસાઓની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. યોગ્ય માન્યતા અને દસ્તાવેજોના અભાવને કારણે આ સંસ્થાઓ સામે આકરાં પગલાં લેવામાં આવી રહ્યા છે, જેનાથી બંગાળના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે.

### ભારે વરસાદ અને તેજ પવન ફૂંકાવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી

## દિલ્હી,યુપી સહિત ૧૮ રાજ્યોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની ચેતવણી

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય હવામાન વિભાગ (IMD) દ્વારા દેશના અનેક ભાગોમાં ભારે વરસાદ અને તેજ પવન ફૂંકાવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. હવામાનમાં અચાનક આવેલ આ ફેરફારને કારણે દેશના લગભગ ૧૮ રાજ્યોમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે.



હવામાન વિભાગ અનુસાર દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ગુજરાત અને કેરળ જેવા રાજ્યોમાં ભારે વરસાદ અને ગાજવીજ સાથે વાવાઝોડું આવવાની સંભાવના છે. દિલ્હી-એનસીઆરમાં ૩૫ થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવા સાથે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે.

ઉત્તર પ્રદેશના અલીગઢ, આગ્રા, મેરઠ, કાનપુર અને પ્રયાગરાજ સહિતના જિલ્લાઓમાં તેમજ બિહારના અરરિયા, ગયા, પૂર્વ ચંપારણ અને મુંગેર જેવા વિસ્તારોમાં મેઘગર્જના સાથે મુશળધાર વરસાદની આગાહી કરાઈ છે. મધ્ય પ્રદેશમાં પવનની ગતિ ૬૫ કિમી પ્રતિ કલાક અને રાજસ્થાનમાં ૫૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે.

હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં ભારે વરસાદને પગલે ભૂસ્ખલન (લેન્ડસ્લાઈડ) થવાનું જોખમ વધી ગયું છે. હવામાન વિભાગે લોકોને તકેદારી રાખવા અને બિનજરૂરી મુસાફરી ટાળવાની સલાહ આપી છે.

## માયાવતીએ બ્રિક્સ સમિટના ‘નવી દિલ્હી ઘોષણાપત્ર’ની પ્રશંસા કરી

લખનૌ,તા.૧૩

બહુજન સમાજ પાર્ટી (બસપા) સુપ્રીમો માયાવતીએ બ્રિક્સ સમિટમાં જારી કરાયેલા ‘નવી દિલ્હી ઘોષણાપત્ર‘ની પ્રશંસા કરતાં તેને ભારતની મહત્વપૂર્ણ રાજદ્વારી સિદ્ધિ ગણાવી છે.

તેમણે રશિયા-યુક્રેન યુધ્ધ અને અમેરિકાની આર્થિક નીતિઓ જેવા વૈશ્વિક પડકારો વચ્ચે આ સર્વસંમતિ સાધવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો.

માયાવતીએ પેલેસ્ટાઈન મુદ્દે બે-રાજ્ય ઉકેલ અને આતંકવાદ સામે લડવાની પ્રતિબધ્ધતાને ભારતના વલણ માટે સકારાત્મક ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યું કે ભારત અને ચીન વચ્ચેના સરહદ વિવાદનો વહેલી તકે ઉકેલ લાવવો હિતકારી રહેશે.










# જાફરાબાદ બંદરે ૩ નંબરનું સિગ્નલ લગાવાયું : માછીમારોને દરિયો ન ખેડવા સુચના

જાફરાબાદ, તા.૧૩


તસવીર : બાબુભાઈ વાઢેળ

અરબી સમુદ્રમાં સર્જાયેલી હવામાન ક્ષેત્રની પલટાની શક્યતાઓને પગલે તંત્ર સંપૂર્ણ રીતે સતર્ક બની ગયું છે. સાવચેતીના ભાગરૂપે અમરેલી જિલ્લાના જાફરાબાદ બંદર પર ૩ નંબરનું ચેતવણી સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. દરિયામાં પવનની ઝડપ અને મોજાંની સ્થિતિ સતત બદલાઈ રહી હોવાથી વહીવટી તંત્ર દ્વારા સલામતી માટે જરૂરી પગલાં ભરવામાં આવ્યા છે. માછીમારોની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં તેમને હાલ દરિયો ન ખેડવા અને હવામાન અંગેની પૂરતી તકેદારી રાખવા કડક અપીલ કરવામાં આવી છે. કોઈપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે સ્થાનિક તંત્ર દ્વારા સમગ્ર જાફરાબાદના દરીયાકાંઠાના વિસ્તારમાં ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

# શેત્રુંજી નદીમાં બેલગામ રેતી માફિયા સામે વાંકીયાના મહિલા સરપંચનો મોરચો

અમરેલી,તા.૧૩



વાંકીયા ગામના જાગૃત મહિલા સરપંચ નયનાબેન દાતેવાડીયાએ શેત્રુજી નદીમાં બેફામ રેત ચારી કરતા ખનીજ માફિયાઓ સામે મોરચો માંડીને વહીવટી તંત્રને દોડતું કરી દીધું છે.પત્રકારોને સાથે રાખી નદીના પટમાં રેઈડ કરતા રેત માફીયાઓમા ફફડાટ વ્યાપી ગયો છે. જિલ્લાના વિવિધ વિસ્તારોમાં રાત-દિવસ ૨૪ કલાક ધમધમતા ડમ્પરો દ્વારા કરોડો રૂપિયાની બેફામ રેતી ચોરીનું મોટું કૌભાંડ આચરવામાં આવી રહ્યું છે. મહિલા સરપંચે ખાણખનીજ અધિકારીઓને આડેહાથ લેતા જણાવ્યું છે કે તેમની ઓફિસના માણસો દ્વારા જ રેતચોરોને છાવરવામાં આવે છે. અને કાર્યવાહીની જાણ અગાઉથી જ કરી દેવામાં આવે છે. આટલા મોટા પાયે ચોરી થતી હોવા છતાં ખનીજ વિભાગ અને તંત્ર શા માટે ઢીલી નીતિ અપનાવી રહ્યું છે? વહીવટી તંત્રની આંખ આડા કાન કરવાની નીતિ સામે હવે શંકાની સોય ચીંધાઈ રહી છે. સરપંચના આક્રમક વલણ બાદ પણ શું તંત્ર આ બેલગામ ભૂમાફિયાઓ પર લગામ કસવાની ત્વરિત અને કડક કાર્યવાહી કરશે કે પછી રાજકીય દબાણ સામે ઘૂંટણ ટેકવી દેશે? તે હવે મોટો પ્રશ્ન બની રહ્યો છે.

# સા.કુંડલામાં શિક્ષક મનીષભાઈ વિંઝુડાનું ભવ્ય સન્માન, 'માનવતાની મહેક' પુસ્તકનું વિમોચન

સાવરકુંડલા, તા.૧૩



સાવરકુંડલાની પવિત્ર કબીર ટેકરી ખાતે સંતોની ઉપસ્થિતિમાં 'માનવતાની મહેક-કબીર ટેકરી' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં સંસ્થાની અન્નસેવા, ગૌસેવા અને ટિફિન સેવા જેવી માનવલક્ષી પ્રવૃત્તિઓને આવરી લેવાઈ છે. આ સેવાકાર્યોને સુંદર રીતે પુસ્તકસ્થ કરવા બદલ સહ-લેખક અને શિક્ષક મનીષભાઈ વિંઝુડાનું શાલ અને સન્માનપત્ર આપી વિશેષ બહુમાન કરાયું હતું.

# સા.કુંડલામાં મહારાજા કૃષ્ણકુમારસિંહજીની પૂર્ણ કદની પ્રતિમા મૂકવા માંગ કરાઈ

સાવરકુંડલા, તા.૧૩



અખંડ ભારતના નિર્માણ માટે ૫૬૨ રજવાડાંમાંથી સૌપ્રથમ પોતાનું રાજ્ય સમર્પિત કરનાર ભાવનગરના પૂર્વ રાજવી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલની પૂર્ણ કદની પ્રતિમા સાવરકુંડલા ખાતે મુકવા માંગ કરવામાં આવી છે. ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડિયાને લેખિત રજૂઆત સોંપવામાં આવી છે. ઐતિહાસિક રીતે સાવરકુંડલા ભાવનગર રાજ્યના ૧૮૦૦ પાદરમાં સમાવિષ્ટ હતું. મહારાજાએ અહીં લોકઉપયોગી કાર્યો માટે વિનામૂલ્યે જમીનો આપી સેવા કરી હતી. તેમના આ રાષ્ટ્રહિત અને ત્યાગની સ્મૃતિ જાળવવા મણીભાઈ ચોક ખાતે પ્રતિમા સ્થાપવાની રજૂઆત સંઘના પ્રમુખ રામદેવસિંહ ગોહિલ, હોદ્દેદારો વિજયસિંહ વાઘેલા અને અનિરુદ્ધસિંહ રાઠોડ દ્વારા કરવામાં આવી છે.

# ધારીના ગીગાસણ ગામની સીમમાંથી ૨૬૫ મીટર કેબલ વાયરની ચોરી

ધારી, તા.૧૩

ધારીના ગીગાસણ ગામની સીમમાંથી ૨૬૫ મીટર કેબલ વાયરની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી.

મેઘજીભાઈ કમાભાઈ વાઘેલા (ઉ.વ.૬૦)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની તથા સાહેદની વાડીએથી પાણીની મોટરનો ઈલેક્ટ્રિક કેબલ વાયર - ૨૬૫ મીટરની અજાણ્યો ચોર ઈસમ કરી ફરાર થઈ ગયો હતો. જેની પોલીસ ચોપડે કિંમત રૂ. ૨૬, ૫૦૦ જાહેર થઈ હતી. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર ડી વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# અંબરીષભાઈ ડેર દ્વારા ૧૫૧ ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું વિતરણ

અમરેલી,તા.૧૩



રાજુલા-જાફરાબાદ-ખાંભા વિસ્તારના પૂર્વ ધારાસભ્ય અંબરીષભાઈ ડેર દ્વારા પર્યાવરણ રક્ષા માટે સરાહનીય પહેલ કરવામાં આવી છે. આગામી ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને પ્લાસ્ટર ઓફ પેરિસ **(POP)** થી થતા પ્રદૂષણને અટકાવવા તેમણે ૧૫૧ માટીની ઈકો-ફ્રેન્ડલી ગણેશ મૂર્તિઓનું વિતરણ કર્યું.રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે યોજાયેલા વિતરણ સમારોહમાં સ્થાનિક લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. **POP** ની મૂર્તિઓ જળાશયોને પ્રદૂષિત કરે છે, જ્યારે માટીની મૂર્તિઓ પાણીમાં સરળતાથી ઓગળી જાય છે.ધાર્મિક ઉત્સવો સાથે પ્રકૃતિની જાળવણી કરવાનો સંદેશ આપતી આ પ્રવૃત્તિને નાગરિકોએ ખુલ્લા મનથી વધાવી લીધી હતી.

# કથીવદર ચાંચ ખેરા ગામના મીઠાના આગર વિસ્તારમાંથી ૧૪૬૫ મીટર કેબલ વાયરની ચોરી

રાજુલા, તા.૧૩

કથીવદર ચાંચ ખેરા ગામના મીઠાના આગર વિસ્તારમાંથી ૧૪૬૫ મીટર કેબલ વાયરની ચોરી અંગે મહુવામાં રહેતા સંજય આધ્યપ્રસાદ પાંડેય (ઉ.વ.૫૫) સામે ફરિયાદ નોંધાવી હતી. જી.એચ. સી.એલ. લિમીટેડ યુનીટ નં.(૨) અને (૪) ના કથીવદર ચાંચ ખેરા ગામના મીઠાના આગર વિસ્તારમાં આશરે ૧૪૬૫ મીટર કેબલની ચોરી થઈ હતી.

જેની કુલ કિંમત રૂ.૫૫,૦૦૦ જાહેર થઈ હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી વી પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાની વી.ડી. ઘેલાણી મહિલા કોલેજમાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૧૩



શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટસ કોલેજ, સાવરકુંડલા ખાતે આચાર્ય ચાવડાના માર્ગદર્શન હેઠળ શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં ૪૫ વિદ્યાર્થીનીઓએ શિક્ષકની ભૂમિકા ભજવી હતી, જેમાં પ્રિન્સિપાલ તરીકે તેજલ બારૈયા અને વાઈસ પ્રિન્સિપાલ તરીકે જાદવ મહેકે જવાબદારી સંભાળી હતી. આચાર્યશ્રીએ શિક્ષકની ફરજો વિશે પ્રેરણાદાયી વકતવ્ય આપ્યું હતું.કાર્યક્રમનું સંચાલન ચૌહાણ રાબિયા અને તાહેરાએ, જ્યારે આયોજન પ્રા. કે.બી. પટેલ અને ડો. કે.પી. વાળાએ કર્યું હતું. અંતે જાદવ મહેકે આભારવિધિ કરી હતી. સ્ટાફના સહયોગથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# રાજુલામાં ગણપતિ ઉત્સવને લઈ પોલીસ અને વિવિધ સમાજો વચ્ચે ખાસ શાંતિ બેઠક યોજાઈ

અમરેલી,તા.૧૩


તસવીર : ગોપાલ રાઠોડ

આગામી ગણપતિ ઉત્સવ અને અન્ય તહેવારો દરમિયાન રાજુલા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ વિભાગ દ્વારા એક ખાસ શાંતિ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં **DySP** સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ, વેપારીઓ, વિવિધ હિન્દુ સંગઠનો તેમજ વિશ્વ હિન્દુ પરિષદના હોદ્દેદારોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. પોલીસ તંત્ર દ્વારા તમામ સમાજના આગેવાનોને તહેવારો દરમિયાન એકતા, પરસ્પર ભાઈચારો અને શાંતિપૂર્ણ વાતાવરણ જાળવી રાખવા માટે અપીલ કરવામાં આવી હતી.

# બવાડી પ્રાથમિક શાળામાં ગુજરાતી AI રોબોટ બન્યો બાળકોનો શૈક્ષણિક મિત્ર

લીલીયા,તા.૧૩



લીલીયા તાલુકાની બવાડી પ્રાથમિક શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક શ્રી વરુણકુમાર દવેએ વિદ્યાર્થીઓ માટે એક અનોખો ગુજરાતી **AI** રોબોટ તૈયાર કર્યો છે. આ રોબોટ માતૃભાષામાં સંવાદ કરીને બાળકોના પ્રશ્નોના ઉત્તર આપે છે, જેથી તેમનામાં તાર્કિક વિચારશક્તિ, સર્જનાત્મકતા અને ડિજિટલ કૌશલ્યનો વિકાસ થાય છે. આ પ્રયોગથી વિજ્ઞાન, ખેતી અને પર્યાવરણ જેવા વિષયોનું શિક્ષણ પુસ્તકો સુધી સીમિત ન રહેતાં વ્યવહારુ બને છે. 'દીપ શાળા પ્રોજેક્ટ'ના સહયોગથી ગ્રામીણ વિસ્તારની શાળામાં **AI** અને કોડિંગના સર્જનાત્મક ઉપયોગને નવી દિશા મળી છે. શિક્ષક વરુણકુમાર દવેના જણાવ્યા મુજબ, આ નવતર પ્રયાસનો મુખ્ય હેતુ બાળકો માતૃભાષામાં નિર્ભયતાથી પ્રશ્નો પૂછતા થાય અને ટેક્નોલોજીના માધ્યમથી સક્ષમ બને તેવું શૈક્ષણિક વાતાવરણ તૈયાર કરવાનો છે.









## કુંકાવાવ-વડીયા-લીલીયામાં બે ઈંચ જયારે બાબરા-લાઠી-અમરેલીમાં એક ઈંચ ધીમીધારે વરસાદ

# અમરેલી જિલ્લામાં ધીમીધારે વરસાદથી મુરઝાતા પાકને મળ્યું નવજીવન

**ખેતીના પાકોને ફાયદો થવાની આશા જાગી**

અમરેલી, તા.૧૩

ગુજરાતમાં લાંબા સમયથી વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા, પરંતુ અમરેલી જિલ્લામાં મેઘરાજાએ મહેર કરતા ધરતીપુત્રોમાં આનંદની લહેર દોડી ગઈ છે. હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદની આગાહી વચ્ચે વહેલી સવારથી જ સમગ્ર જિલ્લામાં મેઘાવી માહોલ સર્જાયો હતો. દિવસ દરમિયાન અમરેલી શહેર સહિત વિવિધ તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારોમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ નોંધાયો હતો. અમરેલી તાલુકાના દેવભૂમિ દેવળીયા, માચીયાળા, વરસડા અને ઈશ્વરિયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્સાહજનક વરસાદ થયો છે. વરસાદના અભાવે સુકાઈ રહેલા પાકને યોગ્ય સમયે પાણી મળી જતાં મોલાતને નવજીવન સાંપડ્યું છે, જેનાથી ખેતીને મોટો ફાયદો થવાની આશા જાગી છે. બાબરા તાલુકામાં પણ મેઘરાજાએ સારી હાજરી નોંધાવી હતી. જામબરવાળા, ખાખરીયા,



પાનસડા, ગરણી અને કરીયાણા સહિતના ગામોમાં ક્યાંક હળવા ઝાપટાં તો ક્યાંક મુસળધાર વરસાદ વરસ્યો હતો. બાબરા પંથકના ખેતરોમાં પાણી ભરાતાં કપાસ અને મગફળી જેવા ઉભા પાકને સંજીવની મળી છે. આ ઉપરાંત વડિયા, લાઠી અને લીલીયા પંથકમાં પણ દિવસ દરમિયાન વાદળછાયા વાતાવરણ વચ્ચે ધીમીધારે વરસાદી ધારા વરસી હતી. પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી હતી ત્યારે જ થયેલા આ વરસાદથી ખેડૂતોએ ભારે હાસકારો અનુભવ્યો છે.જિલ્લાના અન્ય વિસ્તારો જેવા કે રાજુલા, જાફરાબાદ, ખાંભા, ધારી અને સાવરકુંડલા શહેર તેમજ તેના આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ધીમીધારે વરસાદ નોંધાયો હતો. કુંકાવાવ અને લીલીયા તાલુકામાં બે ઈંચ જેવો વરસાદ પડયો હતો જયારે બાબરા, લાઠી, અમરેલી સહિતના તાલુકામાં એક ઈંચ જેવો વરસાદ નોંધાયો હતો. જયારે બગસરા, જાફરાબાદ અને સાવરકુંડલામાં અડધો ઈંચ વરસાદ પડયો હતો. વરસાદના લીધે અમરેલી શહેરના નીચાણવાળા વિસ્તારો અને માર્ગો પર પાણી ભરાયા હતા.વરસાદી માહોલ હજુ પણ યથાવત છે. જો આગામી દિવસોમાં વધુ વરસાદ થશે તો જળ સ્તર ઊંચા આવશે અને ખેતીના પાકને વિપુલ પ્રમાણમાં લાભ થશે.

## બાબરા શહેર ભાજપના ઉપપ્રમુખ પદે ગંભીરસિંહ સોલંકીની વરણી

બાબરા, તા.૧૩



ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા બાબરા શહેર ભાજપમાં વિવિધ હોદ્દા પર નવી નિમણૂકો કરવામાં આવી છે. અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી દ્વારા બાબરા શહેર ભાજપના ઉપપ્રમુખ તરીકે યુવા આગેવાન ગંભીરસિંહ સોલંકીની વરણી કરવામાં આવી છે. શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ ખખર સહિતની ટીમે તેમની નિમણૂકને આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી. આગામી સમયમાં તેઓ સંગઠનને મજબૂત બનાવવા તથા પક્ષના વિચારો અને વિકાસલક્ષી કાર્યોને જનજન સુધી પહોંચાડવા સક્રિય કામગીરી કરશે.

## અમરેલીમાં મુકેશ પટેલ પ્રસ્તુત સંગીતમય શો 'ઘેલું બન્યું ગોકુળિયું' ભવ્ય રીતે સંપન્ન

અમરેલી, તા.૧૩

જન્માષ્ટમી પર્વ નિમિત્તે અમરેલીના દિલીપ સંઘાણી સાંસ્કૃતિ હોલ ખાતે મુકેશ પટેલ પ્રસ્તુત 'ઘેલું બન્યું ગોકુળિયું' કાર્યક્રમ યોજાયો હતો. સૂર સાધના મ્યુઝિકલ ટીમ દ્વારા આયોજિત આ શોનું ઉદ્ઘાટન સંગીત આરાધક શાંતિલાલ જેઠવાના હસ્તે કરાયું હતું.સાડા ત્રણ કલાક ચાલેલા આ દિવ્ય



શોમાં ભગવાન શ્રીકૃષ્ણના જન્મથી લઈને ગોકુળ લીલા અને દ્વારકા ગમન સુધીની જીવનગાથા સંગીતના માધ્યમથી સુંદર રીતે રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજકીય-સામાજિક અગ્રણીઓ, લાયન્સ, રોટરી, સરાહી યુથ કલબ, VHP, ખોડલધામ પરિવાર, આર્ટ ઓફ લિવિંગ, વેપારી મંડળો અને સંગીતપ્રેમીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર ટાઉનહોલ કૃષ્ણમય બનતા પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા હતા. લોકોના ભારે પ્રતિસાદ બાદ આ શો હાલ ચર્ચાનો વિષય બન્યો છે અને દેશ-વિદેશમાંથી પણ આ સંગીતમય કાર્યક્રમને બિરદાવવામાં આવી રહ્યો છે.

## થોરડીની લોકવિદ્યા મંદિરમાં 'વંદે માતરમ'સમૂહ ગાન યોજાયું

સાવરકુંડલા, તા.૧૩



સાવરકુંડલા તાલુકાના થોરડી ગામ સ્થિત લોકવિદ્યા મંદિર હાઈસ્કૂલ ખાતે 'વંદે માતરમ્ યુવા ઉદ્ઘોષ અભિયાન' અંતર્ગત દેશભક્તિસભર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અને અગ્રણીઓએ એકસૂરે પૂર્ણ 'વંદે માતરમ'નું ભાવપૂર્ણ ગાન કરી રાષ્ટ્રભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત સદસ્ય શરદભાઈ ગૌદાણી, લાલભાઈ મોર, તાલુકા પંચાયત સદસ્ય શૈલેષભાઈ બરવાળીયા, સરપંચ વિપુલભાઈ બરવાળિયા અને સંજયભાઈ બરવાળિયા સહિતના વિવિધ રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પાડાસણ ગામે બરાળીયા (આહિર) પરિવારનો દસમો વાર્ષિક યજ્ઞ યોજાશે

બાબરા,તા.૧૩



તસવીર : દિપક કનૈયા

રાજકોટ જિલ્લાના પાડાસણ ગામે બિરાજમાન બરાળીયા (આહિર) પરિવારના સુરાપુરા દાદા શ્રી દાનાઆપા અને સતીઆઈ માતાજીના પાવન સાનિધ્યમાં સતત દસમો વાર્ષિક યજ્ઞ તા. ૨૪ સપ્ટેમ્બર, ગુરુવારે ભવ્ય રીતે યોજાશે. પ્રસંગના આગલા દિવસે તા. ૨૩ સપ્ટેમ્બરે રાત્રે ૮:૩૦ કલાકે દાંડિયારાસનું આયોજન કરાયું છે. જેમાં પ્રવીણભાઈ આહિર લોકસાહિત્ય રજૂ કરશે. તા. ૨૪ સપ્ટેમ્બરે રાજકોટના શાસ્ત્રી નીતિનભાઈ જોષીના આચાર્યપદ હેઠળ યજ્ઞની ધાર્મિક વિધિ સંપન્ન થશે. પ્રસંગે સંતો-મહંતો તથા આહિર સમાજના આગેવાનો ઉપસ્થિત રહેશે. બરાળીયા પરિવારના નવા સરકારી કર્મચારીઓનું વિશેષ સન્માન કરાશે. આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં સમાજબંધુઓ અને શ્રધ્ધાળુઓ ઉપસ્થિત રહેવા આયોજકોએ હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## 'અમારી ભાણકીને ગમે ત્યાંથી પાછી મૂકી જજો નહીંતર તમને બધાને પતાવી દઈશું' કહી ધમકી આપી

**ધારીના હિમખીમડીપરામાં સામસામે જાનથી મારવાની ફરિયાદ નોંધાઈ**

ધારી, તા.૧૩

ધારીના હિમખીમડીપરામાં બે પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી. રેખાબેન દિનેશભાઈ કણજરીયા (ઉ.વ.૫૦)એ રોહિતભાઈ હસુભાઈ દેત્રુજા, દયાબેન ઉર્ફે દીદી આશિષભાઈ દેત્રુજા, ગૌતમભાઈ હિંમતભાઈ અઘેરા, સંજયભાઈ હિંમતભાઈ અઘેરા તથા મનસુખભાઈ માંડવિયા સામે ફરિયાદ નોંધાવી હતી.જે મુજબ સાહેદ અજયભાઈ વાલજીભાઈ કણજરીયા તેમના ઘરની બહાર ઊભા હતા ત્યારે આરોપીઓએ આવીને જેમફાવે તેમ ગાળો આપી કહ્યું કે, 'તારો ભત્રીજો મારી ભાણકીને ભગાડી ગયેલ હોય તેને કહેજે ગમે ત્યાંથી મારી ભાણકીને પાછી મૂકી જાય નહીંતર હું તેને પતાવી દઈશ.' આમ કહેતા તેમણે તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો તો બંનેએ ગાળો આપી ઢીકાપાટુનો માર માર્યો હતો. ત્યાર બાદ આરોપીઓએ આવીને સાહેદ અજયભાઈ વાલજીભાઈ કણજરીયાને ગાળો આપી કહ્યું કે, 'અમારી ભાણકીને ગમે ત્યાંથી પાછી મૂકી જજો નહીંતર તમને બધાને પતાવી દઈશું.' આમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ દયાબેન ઉર્ફે દીદી આશિષભાઈ દેત્રોજા (ઉ.વ.૨૯) એ અજયભાઈ વાલજીભાઈ કણજરીયા, આરતીબેન અજયભાઈ કણજરીયા, રેખાબેન દિનેશભાઈ કણજરીયા તથા જયંતીભાઈ ડાયાભાઈ કણજરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ પોતાના ઘરે હતા તે વખતે આરોપીઓ તેમના ઘર સામે ઊભા હતા. તેમની ભાણેજ પ્રિયંકાને આરોપી અજયભાઈનો ભત્રીજો વિશાલ કણજરીયા થોડા દિવસ પહેલા ભગાડી ગયો હોય તેને શોધી આપવાનું કહેતા આરોપી અજયભાઈએ કહ્યું કે, 'તારે આ પંચાયત નહીં કરવાની અને જો તું આ મેટરમાં ક્યાંય પડી તો તને જીવતી નહીં રહેવા દઈએ.' આમ કહી તેમને ગાળો આપી હતી. ઉપરાંત વાળ પકડીને માથાના ભાગે ઢીકાઓ મારી મૂંઢ ઈજા કરી હતી તેમજ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતરકોલેજ મહિલા હોકીમાં અમરેલીની મોંઘીબા કોલેજ સતત પાંચમીવાર ચેમ્પિયન

અમરેલી, તા. ૧૩



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની હોકી ટીમે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આયોજિત ઈન્ટર કોલેજ હોકી સ્પર્ધામાં સતત પાંચમીવાર ચેમ્પિયન બની કોલેજનું ગૌરવ વધાર્યું છે. લીંબડીની સખીદા કોલેજ ખાતે યોજાયેલી સ્પર્ધામાં કેપ્ટન રૂબિના જોગીસાના નેતૃત્વમાં ટીમે ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કર્યું હતું. શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે ટીમના છ ખેલાડીઓ રૂબિના જોગીસા, ધર્મિષ્ઠા ચાવડા, વૈશાલી રાઠોડ, શિલ્પા ચાવડા, સેજલ ગોરૈયા અને પ્રેંજલતા ચાવડાની આગામી વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી પસંદગી થઈ છે. ખેલાડીઓને કોલેજના શારીરિક શિક્ષણ વિભાગનાં ડૉ. જયશ્રીબેન મકવાણાએ માર્ગદર્શન આપ્યું હતું. સિદ્ધિ બદલ ઈન્ચાર્જ આચાર્યા ડૉ. વિલાસબેન સોરઠિયા, ટ્રસ્ટી મંડળ અને સ્ટાફે ખેલાડીઓ તથા માર્ગદર્શકને અભિનંદન પાઠવ્યા હતા.

## અવસાન નોંધ

**ધોરાજી**

લોહાણા સ્વ .કુંદનબેન ગોકળદાસ સૂચક ઉંમર વર્ષ ૯૬ તે સુધીરભાઈ ગોકળદાસ સૂચક (બાદશાહી કોલ્ડ્રીંક વાળા) કિરીટભાઈ ગોકળદાસ સૂચક. કુસુમબેન મહેન્દ્રભાઈ રાચ્છ,માલતીબેન બીપીનભાઈ બગડાઈ, વર્ષાબેન પ્રકાશભાઈ કાનાબાર, ચેતનાબેન પ્રવીણભાઈ ભીંડોરા ના માતૃશ્રીનું તથા નીમેશભાઈ પ્રગજ્ઞેશભાઈ પ્રિતેષભાઈ સીદ્ધાર્થભાઈ ના દાદી તા.૧૩/૯/૨૦૨૬ રવિવારના રોજ શ્રીજીચરણ પામેલ છે પ્રાર્થના સભા બેસણું તા.૧૪/૦૭/૨૦૨૬, સોમવાર સવારે ૯:૩૦ થી ૧૧:૩૦ કલાક સુધી લોહાણા મહાજન વાડી, જૂનાગઢ રોડ, ધોરાજી પિયર પક્ષ (માણેક પરિવાર, રાજકોટ) નું બેસણું / સાદડી પણ આ સાથે જ રાખવામાં આવેલ છે.

**રાજકોટ**

સ્વ.ચારુબેન હિંમતભાઈ ટાંક (ઉ.વર્ષ - ૭૫) તા.૧૧-૦૯-૨૦૨૬, શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે તેમજ ચક્ષુદાન કરેલ છે.તેમનું બેસણું તા.૧૪-૦૯-૨૦૨૬, સોમવારે સાંજે ૫ થી ૬ કલાકે - ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, ચંદન પાર્ક મેઈન રોડ, રૈયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.












# અમરેલીમાં ડો. ભરત કાનાબારનું ‘ટુ વ્હીલર ફોર ટુ’ અભિયાન બન્યું વ્યાપક

અમરેલી,તા.૧૩

ડો. ભરત કાનાબાર દ્વારા અનુકંપા ફાઉન્ડેશનના માધ્યમથી શરૂ કરાયેલું ‘ટુ વ્હીલર ફોર ટુ’ અભિયાન અમરેલીમાં વ્યાપક બની રહ્યું છે.



શરૂઆતના ત્રણ અઠવાડિયામાં જ સ્વયંસેવકોએ ૧૦૦થી વધુ રાહદારીઓને લીફ્ટ આપીને મદદ કરી છે. અભિયાનનો મુખ્ય હેતુ રસ્તે ચાલતી વ્યક્તિને લીફ્ટ માંગવામાં સંકોચ ન થાય અને વાહનચાલક સહજ રીતે લીફ્ટ ઓફર કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવાનો છે. આનાથી વાહનો ઘટતાં ટ્રાફિક હળવો થશે તેમજ ઈંધણની બચત અને પર્યાવરણનું રક્ષણ થશે. વાહનો પર લાલ-પીળા રંગનું સ્ટીકર જોઈને હવે રાહદારીઓ નિઃસંકોચ લીફ્ટ માંગી રહ્યા છે. ડો. કાનાબારે શહેરના ડોક્ટરો, વકીલો અને વેપારીઓ સહિતના નાગરિકોને આ સામાજિક અભિયાનમાં જોડાવા હાકલ કરી છે.

# સાવરકુંડલા લોકમેળામાં મોતના કૂવાની રાઈડ જોવાના મનદુઃખમાં કુહાડીનો ઘા ઝીંક્યો

**ઢીકાપાટુ મારીને જાનથી મારવાની ધમકી આપી**

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા લોકમેળામાં મોતના કૂવાની રાઈડ જોવાના મનદુઃખમાં કુહાડીનો ઘા ઝીંક્યો હતો, તેમજ ઢીકાપાટુ મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે કુલદીપભાઈ પ્રવીણભાઈ કોટીલા (ઉં.વ.૨૭) એ વિજયભાઈ બટુકભાઈ બાંભણીયા, મિલનભાઈ બાંભણીયા તથા મેહુલભાઈ બાંભણીયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, વી.ડી. કાણકીયા કોલેજના પાછળના ભાગે લોકમેળાનું આયોજન થયું હતું. ત્યાં તેઓ તેના મિત્રો સાથે મેળામાં મોતના કૂવાની રાઈડનો શો જોવા ગયા હતા. દાદરા ચડતી વખતે વિજયભાઈ બાંભણીયાએ તેમની તથા સાક્ષીઓ સાથે રાઈડનો શો જોવા બાબતે બોલાચાલી કરી હતી.જે બાદ આરોપીએ તેના પિતાને ફોન કરી સમાધાન કરી લેવા તેના મંડપ સર્વિસના ગોડાઉને બોલાવતા, તેઓ તથા સાક્ષીઓ ગોડાઉનની અંદર જઈ આરોપીઓ સાથે વાતચીત કરતા હતા. આ દરમિયાન આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને કુહાડી વડે મારી નાખવાના ઈરાદાથી માથામાં જમણી બાજુ કાનના ઉપરના ભાગે કુહાડીનો એક ઘા મારી છ ટાંકા આવે તેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત લોખંડનો પાઈપ ડાબા ખભા પર મારી મૂંઢ ઈજા કરી હતી, તેમજ ઢીકાપાટુનો મૂંઢમાર મારી, ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલાના નીંગાળા-૧ ગામે ટ્રક ચાલકે બાઈક ચાલકને ફંગોળ્યો

રાજુલા, તા.૧૩

રાજુલાના નીંગાળા ૦૧ ગામે ટ્રક ચાલકે બાઈક ચાલકને ફંગોળ્યો હતો. આ અંગે મહુવામાં રહેતા દિપકકુમાર રમેશચંદ્ર દવે (ઉ.વ.૪૭)એ જીજે-૧૨-બીડબલ્યુ-૧૯૨૪ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના ભાઈ મરણજનાર તથા સાહેદ કૌશીકભાઇ રાજુલાથી પોતાના ઘરે મહુવા જતા હતા. તેના ભાઈ તેનું મોટર સાયકલ ચલાવતા હતા અને તેની પાછળ તેની મિત્ર કૌશિકભાઈ બેસી બંસીધર હોટલ સામે રોડ ઉપર પહોંચ્યા ત્યારે બંસીધર હોટલના પાર્કિંગમાંથી એક ટ્રક ચાલકે સ્પીડથી ચલાવી આવી તેમના ભાઈના મોત થયું હતું. જ્યારે પાછળ બેસેલ કૌશિકભાઈને ઈજા થઈ હતી. જે બાદ ચાલક ટ્રક મુકી સ્થળ ઉપરથી ભાગી ગયો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પી એસ આઈ વી વી ગોહિલ વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલામાં શ્રાવણી અમાસે ગાયત્રી પરિવાર દ્વારા બ્રહ્મભોજનનું આયોજન

ચલાલા,તા.૧૩



ચલાલા ખાતે શ્રી યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા સંચાલિત ગાયત્રી સંસ્કાર ધામ અને લંડન ગ્રુપના સંયુક્ત ઉપક્રમે શ્રાવણ અમાસ નિમિત્તે બ્રહ્મભોજનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. પ.પૂ. સંતશ્રી ડૉ. રતિદાદાના આશીર્વાદ અને ભારતભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ પ્રસંગમાં ચલાલા તથા મીઠાપુર (ડું) ના સમસ્ત બ્રહ્મ સમાજ ભાવપૂર્વક જોડાયો હતો. આ ધાર્મિક મહોત્સવમાં ૨૫૦થી વધુ બ્રાહ્મણ દેવતાઓ તેમજ ૩૫૦થી વધુ બાળકોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. ઉપસ્થિત બ્રાહ્મણ દેવતાઓનું દક્ષિણા અને ભેટ આપી સન્માન કરાયું હતું. ભોજન બાદ સૌ માટે આઈસક્રીમની વિશેષ વ્યવસ્થા રાખવામાં આવી હતી. ખોડુદાદા, સનતદાદા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમને સફળ બનાવવા શીતલબેન મહેતા અને સ્ટાફગણે ઉત્સાહભેર જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં જમાઈએ પત્ની તથા સાસરિયાને જાનથી મારવાની ધમકી આપી

અમરેલી, તા.૧૩

અમરેલીમાં જમાઈએ પત્ની તથા સાસરિયાને જાનથી મારવાની ધમકી આપી હતી. નિશાબેન દિલીપસિંહ સોલંકી (ઉ.વ.૨૪)એ પતિ અભય સાતાભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના લગ્નના થોડા સમય બાદ પતિ શારીરિક-માનસિક ત્રાસ આપી અવારનવાર માથાકૂટ તેમજ મારકૂટ કરીને ઝઘડા કરતા હતા. જેથી કંટાળીને તેઓ પિયરમાં રહેવા જતા રહ્યા હતા. તેઓ પિતાના ઘરે હતા તે સમયે પતિએ ત્યાં આવીને તેમને તથા તેમના પિયરના લોકોને ખરાબ ગાળો આપીને બધાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ અંગે અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. બી. સૈયદ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાના મોટા દેવળીયા ગામે ઉછીના આપેલા પૈસા માગતાં માથામાં લોખંડનો પાઈપ માર્યો

**પૈસા આપવાની ના પાડી જાનથી મારવાની ધમકી આપી**

બાબરા, તા. ૧૩

બાબરાના મોટા દેવળીયા ગામે ઉછીના આપેલા પૈસા માગતાં એક યુવકના માથામાં લોખંડનો પાઈપ મારી દેવાયો હતો. આ ઉપરાંત, પૈસા આપવાની ના પાડી જાનથી મારવાની ધમકી પણ આપવામાં આવી હતી. આ અંગે સંજયભાઈ રાઘવભાઈ કોચરા (ઉં.વ. ૨૫) એ સાહિલભાઈ રમેશભાઈ બગડા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, સંજયભાઈના નાના ભાઈ અક્ષયે સાહિલભાઈ બગડાને એક મહિના પહેલાં રૂ. ૫,૦૦૦ હાથ-ઉછીના આપ્યા હતા. અક્ષયે આરોપી પાસે પોતાના રૂ. ૫,૦૦૦ પરત માગતાં તેણે પૈસા આપવાની ના પાડી ગાળો આપી હતી. ત્યારબાદ આરોપીએ તેમના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અક્ષયના માથાના ભાગે લોખંડના પાઈપનો ઘા ઝીંકી દીધો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. આર. ડાભી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ‘તારી બહેન નહીં આવે તો તમને બંનેને જીવતા નહીં રહેવા દઉં’ કહી ધમકી આપી

**રાજુલાના નીંગાળા-૧ ગામની ઘટના**

રાજુલા, તા.૧૩

રાજુલાના નીંગાળા-૧ ગામે એક યુવકને ’તારી બહેન નહીં આવે તો તમને બંનેને જીવતા નહીં રહેવા દઉં’ કહી ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે પ્રવિણભાઈ લાખાભાઈ સોલંકી (ઉ.વ.૪૦)એ ધારીના મોરઝર ગામના મૌલિક, ભાનુબેન તથા કિરણબેન સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, આરોપીઓ તેમની કાર લઈને તેમના ગામમાં આવ્યા હતા અને ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી તેમના બંને દીકરાઓને કહ્યું હતું કે, ’તારી બહેન નહીં આવે તો તમને બંનેને જીવતા નહીં રહેવા દઉં’ તેવી ધમકી આપી હતી. ઉપરાંત ગાળો બોલી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામભાઈ બી. ઝીંઝાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# ડુંગરમાં વૃક્ષ યાત્રા યોજાઈ, વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવવાનો સંદેશ આપ્યો

રાજુલા, તા.૧૩

શ્રી જે.એન. મહેતા હાઈસ્કૂલના સુરખાબ ઈકો ક્લબ દ્વારા પર્યાવરણ જાગૃતિના હેતુસર વૃક્ષ યાત્રા યોજાઈ હતી. હાઈસ્કૂલથી રામદરબાર હનુમાન ધારા સુધી દોઢ કિલોમીટર લાંબી યાત્રામાં વિદ્યાર્થીઓએ ૧૦૧ દેશી વૃક્ષો સાથે પર્યાવરણ બચાવવાના સંદેશા આપ્યા હતા. ‘વૃક્ષ વાવો, વરસાદ લાવો’ સહિતના સૂત્રોચ્ચારથી ગામમાં જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ‘એક પેડ મા કે નામ’ અભિયાન અંતર્ગત રામદરબાર મંદિર પરિસરમાં વૃક્ષારોપણ



તસવીર : ગોપાલ રાઠોડ

કરાયું હતું. પૂજારી સંજયબાપુ, શિક્ષક પ્રવીણભાઈ ગોહિલ સહિત આગેવાનો જોડાયા હતા. આચાર્ય જોરુભાઈ વરુએ વૃક્ષારોપણ અને જતનનું મહત્વ સમજાવ્યું હતું. ગ્રામજનો અને વેપારીઓએ પણ કાર્યક્રમને સહકાર આપ્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૧૪-૦૯-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૫, સૂર્યાસ્ત-૦૬:૨૮, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: ચિત્રા

## દૈનિક રાશિફળ

**તા. ૧૪-૦૯-૨૦૨૬ સોમવાર**

મેષ:આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો.

વૃષભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.

મિથુન: ગ્રહોની શુભ અસરોથી આજે તમારો શુભ દિવસ રહેશે. વિરોધીઓ રાજકીય ક્ષેત્રે તમને પાછળ છોડી દેવાનો પ્રયત્ન કરશે. ધીરે ધીરે તમે સફળતા તરફ આગળ વધીશો.

કર્ક: આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. વિરોધીઓની ષડયંત્ર નિષ્ફળ જશે અને તમે સફળતાના માર્ગ પર આગળ વધશો.

સિંહ: આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. રાશિ સ્વામી બુધના અન્ય ગ્રહો સાથે યોગ બનાવવાના કારણે તમને બૌદ્ધિક અને વ્યાવસાયિક ક્ષેત્રે સફળતા મળશે.

કન્યા: તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે.

તુલા: આજનો દિવસ ખાસ છે. આજે શુભ કાર્યોમાં તમારી રુચિ વધશે અને તમે આજે લેતા નિર્ણયોથી તમને ફાયદો થશે. સંતાન પક્ષના લગ્નજીવનમાં વિઘ્નોનો અંત આવશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે.

ધન: દિવસ કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિ જેવો દેખાય છે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે.

મકર: વિશેષ ગ્રહો તમારી સફળતા માટે માર્ગ તૈયાર કરશે. કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો,નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે.

કુંભ: આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. આજે તમારી તરફેણમાં એક મહત્વપૂર્ણ વ્યવસાયિક કરાર ફાઇનલ કરવામાં આવશે તે તમારા મનમાં એક અલગ પ્રકારનો આનંદ લાવશે.

મીન: આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે. ઉચ્ચ અધિકારીઓની કૃપાથી જમીન-સંપત્તિનો વિવાદ પણ હલ થશે.

# વડિયા તાલુકાના અમરાપુર અને અનીડા ગામે પોલીસ લોકદરબાર યોજાયો

અમરેલી,તા.૧૩



વડિયા પોલીસ સ્ટેશન દ્વારા અમરાપુર અને અનીડા ગામે પોલીસ લોકદરબાર યોજાયો હતો. પી.આઈ. પી.ડી. ગોહિલના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પોલીસ દ્વારા ગ્રામજનોને સાયબર ફ્રોડથી બચવાના ઉપાયો, ડિજિટલ છેતરપિંડી, ડિજિટલ એરેસ્ટના નામે થતી છેતરપિંડી, ઘરફોડ ચોરીથી સાવચેતી અને ગુનો બનતો અટકાવવા જરૂરી પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જરૂરિયાતના સમયે પોલીસનો સંપર્ક કેવી રીતે કરવો અને કાયદાકીય જાગૃતિ અંગે પણ સમજ આપવામાં આવી હતી. ગ્રામજનોએ પી.આઈ. પી.ડી. ગોહિલ સાથે સીધો સંવાદ કરી વિવિધ પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રસંગે એ.એસ.આઈ. ભાવેશભાઈ ધાંધલ, હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ મોરવાડિયા, નિકુંજભાઈ ભૂતૈયા, ડ્રાઈવર જીતેશગીરી ગોસાઈ સહિત પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો. લોકદરબારથી પોલીસ અને પ્રજા વચ્ચે વિશ્વાસ તથા સંવાદનો સેતુ વધુ મજબૂત બન્યો હતો.

# લોકમેળા સાથે પુસ્તકમેળો : બાબરામાં સાહિત્યપ્રેમીઓ માટે અનોખું આકર્ષણ

બાબરા, તા. ૧૩



તસવીર : દિપક કનૈયા

બાબરા ખાતે નિલકંઠ મહાદેવના પાવન સાનિધ્યમાં ભાદરવી અમાસના લોકમેળા સાથે પુસ્તકમેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. પુસ્તકમેળાનું બ્રહ્માકુમારી ઉષાદીદી, લેખક પ્રકાશભાઈ દવે, લેખક હરેશભાઈ વડાવીયા તથા પત્રકારોના હસ્તે વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. લોકમેળામાં આવતા લોકો માટે વિવિધ પ્રકારના પુસ્તકો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ પુસ્તકમેળો સાહિત્યપ્રેમીઓમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# જિલ્લામાં ત્રણ સ્થળેથી ૧૬ જુગારીઓ ઝડપાયા: ૩૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત

**ખાંભાના મુંજીયાસર ગામે ૭ શકુની પોલીસને થાપ આપી ફરાર**

અમરેલી, તા.૧૩

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ સ્થળેથી ૧૬ જુગારીઓને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ૩૩ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો. ખાંભાના મુંજીયાસર ગામે ૭ શકુની પોલીસને થાપ આપી ફરાર થવામાં સફળ રહ્યા હતા. બગસરામાંથી પાંચ ઈસમો જાહેરમાં જુગાર રમતાં રોકડા રૂ. ૧૦,૧૭૦ સાથે ઝડપાયા હતા. ખાંભાના મોટા મુંજીયાસર ગામેથી છ ઈસમો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ. ૧૧,૯૬૦ સાથે ઝડપાયા હતા, જ્યારે સાત ઈસમો પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા હતા. ખાંભાના ખડાધાર ગામેથી પણ પાંચ જુગારીઓ રોકડા રૂ. ૧૧,૨૩૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા.

# જાફરાબાદના ટીંબી ગામે પડોશીઓ વચ્ચે બબાલ

**સામાસામી ફરિયાદ નોંધાઈ**

જાફરાબાદ, તા.૧૩

જાફરાબાદના ટીંબી ગામે પડોશીઓ વચ્ચે બબાલ બાદ બંને પક્ષોએ સામાસામી ફરિયાદ નોંધાવી હતી. શબાનાબેન હનીફભાઈ બમાણી (ઉ.વ.૪૬)એ નસીમબેન સાદીકભાઈ, નમીરાબેન સાદીકભાઈ અને સાદીકભાઈ અબુભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાના ઘરનું ફળિયું વાળતા હતા એ વખતે થોડો કચરો આરોપીના ફળિયામાં ઉડ્યો હતો.

જેથી આરોપીઓને સારું નહીં લાગતા ગાળો આપી ઝઘડો કર્યો હતો. આરોપી નસીમબેને પાઈપ લઈ આવીને તેમને હાથના ભાગે તથા સાહેદ હનીફભાઈને કમરના ભાગે લોખંડનો પાઈપ મારી શરીરે મૂઢ ઈજાઓ પહોંચાડી હતી. નમીરાબેન તથા સાદીકભાઈએ તેમને ઢીકાપાટુનો માર મારી શરીરે મૂઢ ઈજાઓ કરી હતી. ત્યારબાદ સામાપક્ષે નસીમબેન સાદીકભાઈ મુસેત્રા (ઉ.વ.૪૦) એ શબાનાબેન હનીફભાઈ બમાણી, હનીફભાઈ બમાણી અને શાનવાજ હનીફભાઈ બમાણી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ફરિયાદી તથા આરોપીઓ આડોશ-પાડોશમાં રહે છે. તેમની દીકરી નમીરાબેને તેના ઘર આગળ શેરી વાળીને કચરો સાફ કર્યો હતો. આ વખતે આરોપી શબાનાબેને પોતાના ઘર બાજુથી કચરો વાળીને તેમના ઘર તરફ જાણીજોઈને ઉડાડતા સાહેદ નમીરાબેને કચરો ઉડાડવાની ના પાડી હતી, જે આરોપીને સારું લાગ્યું નહોતું.

આરોપીઓએ તેમની સાથે ઝઘડો કરી, ગાળો આપી, મારી નાખવાની ધમકી આપી હતી. આ બંને કેસની વધુ તપાસ નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી. એન. પરમાર ચલાવી રહ્યા છે.

## તંત્રી લેખ

# વિકસિત ભારતનું નવું સોપાન

ગુજરાત ધીમે ધીમે નાણાકીય પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની રહ્યું છે. આધુનિક શહેરમાં વિશ્વ કક્ષાની સુવિધાઓ ઊભી થઈ છે. વિદેશી સંસ્થાઓ અહીં રોકાણ કરવા ઉત્સુક છે. સ્થાનિક યુવાનોને આંતરરાષ્ટ્રીય કક્ષાનું કામ મળશે. કૌશલ્ય વિકાસ પર ભાર મૂકવો પડશે. બેંકિંગ ક્ષેત્રમાં પારદર્શિતા વધશે. આ વિકાસ રાજ્યની સાથે દેશને પણ લાભ આપશે.

આજનો સમય પરિવર્તનનો છે. જૂની વ્યવસ્થાઓ બદલાઈ રહી છે. નવા વિચારો સમાજને આગળ લઈ જઈ રહ્યા છે. મોબાઈલ ફોન ખેડૂતના હાથમાં પણ જ્ઞાન પહોંચાડે છે. ડિજિટલ સેવાઓ ગામડાં સુધી વિસ્તરી છે. યુવા પેઢી નવા સપના જોઈ રહી છે. આ સપનાને સાકાર કરવા માટે તકો પણ વધી રહી છે. આપણે આ તકને ઓળખવી પડશે. સકારાત્મક દષ્ટિકોણથી જ પ્રગતિ શક્ય છે. આ લેખમાં આપણે વર્તમાન બદલાવને સરળ રીતે સમજીશું.

ગંભીર રોગોની વહેલી ઓળખ જીવનદાયી બને છે. એક મિનિટથી પણ ઓછા સમયમાં તપાસ થાય તે કલ્પના બહારની વાત હતી. હવે તે વાસ્તવિકતા બની રહી છે. આનાથી સારવારનો ખર્ચ ઘટશે. દર્દીના પરિવારને માનસિક રાહત મળશે. ડોક્ટરો ઝડપથી નિર્ણય લઈ શકશે. પ્રાથમિક કેન્દ્રોમાં આ સુવિધા પહોંચે તે આવશ્યક છે. આરોગ્ય કર્મચારીઓને તાલીમ આપવી પડશે. સ્વસ્થ નાગરિક જ સમૃધ્ધ રાષ્ટ્રનો પાયો છે.

વાહન વ્યવહારમાં વીજળીનો ઉપયોગ વધી રહ્યો છે. તેનાથી ધુમાડો ઓછો થાય છે. પરંતુ મહત્વના ચુંબકીય ભાગો માટે બહારના દેશો પર આધાર છે. હવે દેશી ટેકનોલોજીથી તે બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. આ સફળ થાય તો ઉત્પાદન સ્વસ્તું થશે. વધુ લોકો તેનો ઉપયોગ કરશે. શહેરોની હવા ચોખ્ખી થશે. ગ્રામીણ વિસ્તારોમાં ચાર્જિંગ સુવિધા વધારવી પડશે. સ્વચ્છ પરિવહન એ સમયની માંગ છે.

જાહેર હોસ્પિટલોમાં જગ્યાની તંગી મોટી તકલીફ છે. અનેક દર્દીઓ વરંડામાં સારવાર લે છે. નવા પથારીઓ વધવાથી રાહત મળશે. સારવાર ઝડપી બનશે. ચેપનું જોખમ ઘટશે. તબીબો વધુ ધ્યાન આપી શકશે. ગરીબોને મફત અને ગુણવત્તાયુક્ત સારવાર મળશે. આરોગ્ય સેવા માનવતાનું સૌથી મોટું કાર્ય છે.

વેપારી સમુદાયની મોટી બેઠક રાજધાનીમાં યોજાવાની છે. તેમાં નવા વિચારો રજૂ થશે. યુવા ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન મળશે. વિદેશી મહેમાનો ભારતીય બજારને સમજશે. સહયોગના નવા રસ્તા ખુલશે. રોજગારી વધશે. આવા સંવાદો અર્થતંત્રને જીવંત રાખે છે. સૌએ સાથે મળીને આગળ વધવાનું છે.

એકંદરે ભવિષ્ય ઉજ્જવળ દેખાઈ રહ્યું છે. દરેક ક્ષેત્રમાં હકારાત્મક સંકેતો છે. છતાં બેદરકારી ન ચાલે. પર્યાવરણનું રક્ષણ કરવું પડશે. શિક્ષણનો પ્રસાર વધારવો પડશે. પ્રામાણિકતા અને પરિશ્રમથી જ ટકાઉ વિકાસ થશે. નાગરિકોની ભાગીદારી સૌથી મહત્વની છે. ચાલો, સૌ સાથે મળીને નવા ભારતનું નિર્માણ કરીએ.

# રાષ્ટ્રીની સુરક્ષા અત્યંત મહત્વપુર્ણ હોવી જોઈએ – (પુષ્પ : ૩૪)

રાષ્ટ્રની સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ હોવી જોઈએ - તે ધ્યાનમાં રાખીને આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા આતંકવાદ સામેના અભિયાનમાં જોડાયેલા રહેવું જોઈએ. પરંતુ તે જ સમયે આપણે ચીનની વિસ્તરણવાદી ભૂમિકાને અવગણી શકીએ નહીં. તેવી જ રીતે આપણી સરહદો પર ઘૂસણખોરી રોકવા માટે કડક નીતિ બનાવવી જોઈએ. રાજકીય લાભ માટે ઘૂસણખોરીને ટેકો આપતા પક્ષો અને સંગઠનોએ રાષ્ટ્રીય ભૂમિકા ભજવવી જોઈએ અને રાષ્ટ્રીય હિત માટે કામ કરવું જોઈએ. રાષ્ટ્રીય સુરક્ષા મહત્વપૂર્ણ છે. તેવી જ રીતે આંતરિક સુરક્ષાના મુદ્દાને પણ ધ્યાનમાં રાખીને નીતિ ઘડવી જોઈએ. દેશની સુરક્ષા વધારવાનો વિચાર કરતી વખતે ભ્રષ્ટાચાર દેશ સામે એક મોટી સમસ્યા છે અને તેને કેવી રીતે દૂર કરવી તે પણ વિચારવું જોઈએ. આ પ્રશ્નનો જવાબ શોધવા માટે આપણે રાષ્ટ્ર-મૈત્રીપૂર્ણ સમાજનું નિર્માણ કરવું પડશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આ માટે કામ કરે છે. શ્રી મોહનજીએ આ બાબતે વાત કરતા ઈ.સ. ૨૦૧૧ ના વિજયાદશમીના ઉત્સવમાં કહ્યું હતું કે, 'આતંકવાદ સામેની લડાઈમાં અમેરિકાનો સીધો હસ્તક્ષેપ હવે તેના પાડોશી પાકિસ્તાન સુધી પહોંચી ગયો છે. એક પછી એક મધ્ય પૂર્વના કેટલાક દેશોમાં શાસકોના ભ્રષ્ટાચારના મુદ્દા પર જાહેર અસંતોષનું મોજુ ઊભું થયું અને સત્તા પરિવર્તન પણ થયું. જેની પૃષ્ઠભૂમિમાં અમેરિકાએ પણ દેશમાં ભ્રષ્ટાચારની સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. દુનિયામાં આવી ચર્ચાઓ થતી રહે છે કે ક્યાંક ને ક્યાંક અમેરિકા અને અન્ય પશ્ચિમી રાષ્ટ્રોના હિતોનું રક્ષણ ગર્ભિત છે. ચીન જે આપણા ઉત્તરમાં આવેલો દેશ છે, તે વિશ્વ પર પ્રભુત્વ મેળવવાની ઈચ્છા રાખીને પોતાની શક્તિ પણ વધારી રહ્યો છે. સ્વાભાવિક રીતે પ્રભુત્વ સ્પર્ધાનો આ ખેલ રમાઈ રહ્યો છે. આપણે ઈચ્છીએ તો પણ દુનિયામાં સર્જાયેલી અશાંતિથી અસ્પૃશ્ય રહી શકતા નથી. પરંપરાગત રીતે આપણે સમગ્ર વિશ્વને આપણો પરિવાર માનીએ છીએ. આપણે તેના પર પ્રભુત્વ ઈચ્છતા નથી પરંતુ આપણે તેની સાથે ગાઢ મિત્રતા ઈચ્છીએ છીએ. વિશ્વના દેશો પણ વિદેશમાં રહેતા ભારતીયોના સારા વર્તન દ્વારા આ વાસ્તવિકતાને ઓળખે છે.આપણે આપણા પોતાના અનુભવથી જાણીએ છીએ કે વિશ્વ ઘણી મુશ્કેલીઓનો સામનો કરી રહ્યું છે. આપણી આ દિશા અને દ્રષ્ટિને અકબંધ રાખીને આપણી રાષ્ટ્રીય સાર્વભૌમત્વ પ્રતિષ્ઠા અને સુરક્ષાને અકબંધ રાખવા માટે સાવધ રહીને આપણે વિશ્વના આ અશાંત વાતાવરણનો સામનો કરવો પડશે. વિશ્વાસ અને સહયોગના વાતાવરણમાં પરિવર્તન લાવવા માટે પહેલો કરવા સક્ષમ બનવું પડશે. આપણા પડોશીઓ અને ખાસ કરીને દક્ષિણ - પૂર્વ એશિયાના દેશો સાથે આપણા સીધા સાંસ્કૃતિક સંબંધો છે. આ સંબંધોને આજે પણ તે દેશોમાં આનંદ અને કૃતજ્ઞતા સાથે યાદ કરવામાં આવે છે. આર્થિક હિતોની દ્રષ્ટિએ આપણે એકબીજા સાથે જોડાયેલા અને સમાન છીએ. આ દેશોની માનસિકતામાં એવી સ્વીકૃતિ છે કે ભારતે તેમના સુખ-દુ:ખમાં ભાગીદાર અને નેતા બનવું જોઈએ. આપણે તે બધા દેશો સાથે આર્થિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક સંબંધોને ઝડપી ગતિએ મજબૂત કરવા જોઈએ. આપણા દેશની સરહદે આવેલા નેપાળમાં સ્થિરતા અને ભારત અનુકૂળ વાતાવરણ બનાવવા પર વધુ ધ્યાન આપવું પડશે. શ્રીલંકામાં તમિલભાષી નાગરિકોની ત્રાસદીનો અંત લાવવા અને એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા માટે પહેલ કરવી જોઈએ કે તેઓ દેશના નાગરિક જીવનમાં સંપૂર્ણ અધિકારો સુરક્ષા અને સુમેળ સાથે ભાગ લઈ શકે અને તે દેશના જીવનમાં સમાન રીતે યોગદાન આપી શકે. આપણે બાંગ્લાદેશ સરહદ





પર આપણી સુરક્ષા વ્યવસ્થા મજબૂત બનાવવાની જરૂર છે, ખાતરી કરવાની જરૂર છે કે સરહદો છિદ્રાળુ ન હોય, શસ્ત્રો, પશુધન, નકલી ચલણ અથવા માદક દ્રવ્યો વગેરેની ઘૂસણકોરી અને દાણચોરી બંધ થાય અને આપણે આપણા તરફથી આ માટે તમામ વ્યવસ્થા કરવી જોઈએ તથા એ પણ ખાતરી કરવી જોઈએ કે ત્યાંનું વાતાવરણ આપણા માટે અનુકૂળ હોય. તિબેટ ચીનના કબજા હેઠળ હોવા છતાં ત્યાં અને ભારત સહિત અન્ય દેશોમાં રહેતા તિબેટીઓની લાગણીઓને અવાજ આપવો જોઈએ. તેમના માનવ અધિકારોનું રક્ષણ કરવું જોઈએ અને તેઓ સ્વેચ્છાએ અને આત્મસન્માન સાથે પોતાનું સામાજિક જીવન જીવી શકે તે જરૂરી છે. પોતાની શ્રધ્ધા અને પરંપરાને સુરક્ષિત રાખીને જમીનની માલિકી મેળવવામાં આપણે તેમને મદદ કરવી પડશે. જેથી તેઓ ટકી શકે. સંઘના સ્વયંસેવકો સ્વાભાવિક રીતે જ ભ્રષ્ટાચાર સામેના તમામ આંદોલનોમાં કોઈ પણ માન કે પ્રતિષ્ઠાની અપેક્ષા રાખ્યા વિના સામેલ થાય છે. પરંતુ દરેક વ્યક્તિએ ધ્યાનમાં રાખવું જોઈએ કે ભ્રષ્ટાચારની સમસ્યા ફક્ત કાયદાથી જ દૂર થશે નહીં. ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપતી વ્યવસ્થાઓમાં પણ મૂળભૂત ફેરફારો લાવવા પડશે. આ દ્રષ્ટિકોણથી આપણી વહીવટી વ્યવસ્થાને વધુ પારદર્શક અને લોકોલક્ષી બનાવવી પડશે. ત્યાં મૂલ્યોના શિક્ષણ માટેનું વાતાવરણ બનાવવું પડશે. ગુના અને પૈસાના પ્રભાવને દૂર કરવા અને સરળતા લાવવા માટે ચૂંટણી પ્રણાલીમાં સુધારા કરવા પડશે જે લોકોનું સાચું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરશે. કર પ્રણાલીને વધુ સુલભ બનાવવી પડશે. શિક્ષણ પ્રણાલીને વ્યાપારીકરણથી મુક્ત કરીને સંસ્કારી બનાવવી પડશે. વ્યવસ્થામાં સુધારા અને પરિવર્તનના એકંદર ચિત્રની કલ્પના કરીને તેને અમલમાં મૂકવા માટે દબાણ બનાવવું પડશે. સૌથી મહત્વની વાત એ છે કે સમાજમાં સામાજિક જવાબદારી, શુદ્ધ ચારિત્ર્ય, સેવા અને દાનના મૂલ્યોનો પ્રચાર વગેરેના મૂલ્યો સ્થાપિત કરવા પડશે. દરેક ગામ અને નાગરિકોની વસાહતમાં પોતાના વર્તન દ્વારા આ મૂલ્યોનું વાતાવરણ બનાવતા આચરણના ઉદાહરણો સ્થાપિત કર્યા વિના સમાજમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવો સંપૂર્ણપણે અશક્ય છે. સંઘ આ મૂળભૂત અને મહત્વપૂર્ણ કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને કાર્ય કરી રહ્યો છે. પરંતુ આંદોલનની બધી ઘટનાઓમાં સરકારના ઉચ્ચ અધિકારીઓનું વલણ જે સામે આવ્યું તે આઘાતજનક અને ચિંતાજનક છે. જો કોઈ વિદેશી સરકાર પોતાની ન્યાયી માંગણીઓ માટે આંદોલન કરી રહેલા નિર્દોષ નાગરિકો સામે જુલમ, છેતરપિંડી, કપટ, ઘમંડ વગેરેનો ઉપયોગ કરે તો તે સમજી શકાય તેવું છે પરંતુ એક જ સ્વતંત્ર દેશમાં આપણી પોતાની સરકાર પાસેથી આવા વર્તનની અપેક્ષા રાખી શકાય નહીં. એકંદરે આપણા રાજકીય વાતાવરણમાં સત્તા માટેનો સ્વાર્થ સર્વોપરી બની ગયો હોવાથી રાષ્ટ્રીય હીત ગૌણ બની રહ્યું છે અને તેની અવગણના થઈ રહી છે અને લોકો પ્રત્યે અસંવેદનશીલતા જોવા મળી રહી છે. ભલે આ અક્ષમ્ય હોય પણ તેની પાછળનું કારણ બધા સમજે છે. પરંતુ હવે એક નવી વાત પ્રકાશમાં આવી છે કે આવા રાજકારણના હાથમાં આપણા દેશનું ભવિષ્ય કેટલું સુરક્ષિત રહેશે તે પ્રશ્ન ઊભો થયો છે. દેવતાઓએ આસુરી વૃત્તિઓને દબાવવા માટે કરેલી સામૂહિક તપસ્યાના પરિણામે સર્વવિજયી કલ્યાણકારી મહાશક્તિ દુર્ગા પ્રગટ થઈ અને શુભ વૃત્તિઓ વિજયી બની. આ આજના શુભ પર્વનો પ્રાચીન ઈતિહાસ છે. ફરી એક વાર પરિસ્થિતિ જીતવા માટે ઉત્સુક સજ્જનોના સંયુક્ત પ્રયાસોની માંગ કરી રહી છે અને તે માંગણી હિંદુ સમાજે આ ભૂમિના પુત્રરૂપ અને ભાગ્યના વિધાતા તરીકે પૂર્ણ કરવી પડશે. જ્ઞાનેશ્વર મહારાજજીએ જ્ઞાનેશ્વરીના અંતમાં ફસાય દાનમાં પ્રાર્થના કરી છે કે, દુષ્ટોના હ્રદયમાં રહેલી કુટીલતાનો અંત આવે અને દરેક વ્યક્તિ સારા કાર્યો કરવામાં સમજદાર બને, બધામાં પરસ્પર મિત્રતા રહે, બધાની મુશ્કેલીઓ દૂર થાય અને દરેક વ્યક્તિ પોતાના ધર્મનું પાલન કરે અને દરેકની ઈચ્છાઓ પૂર્ણ થવી જોઈએ. આ ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે તેમણે એક વરદાન માગ્યું છે કે સમાજમાં હંમેશા ભગવાનને માનનારા સજ્જનોનો એક સમૂહ હાજર રહે જેઓ દરેક પ્રકારના સૌભાગ્યનો વરસાદ કરતા રહે, સદગુણોથી ભરપૂર હોય અને દરેક પ્રત્યે મૈત્રીપૂર્ણ વલણ ધરાવતા હોય. આ આધુનિક ભારતના મહાન સર્જકોનો નિષ્કર્ષ પ્રયાસ હતો, જેમણે હંમેશા પોતાના જીવન સુખ-સુવિધાઓ સાથે દેશની સેવા કરવાનો ત્યાગ રાખ્યો. તેથી સ્વતંત્ર, સુમેળભર્યા, શક્તિશાળી અને વિશ્વનેતા ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકે. આજે પણ દેશના હિતમાં વિવિધ ક્ષેત્રોમાં પ્રામાણિકતા અને નિઃસ્વાર્થતા સાથે કામ કરતા વિવિધ મહાન લોકોનો આ જ નિષ્કર્ષ છે. જેમના હૃદયમાં સહેજ પણ સ્વાર્થ અને ભેદભાવ નથી, જેમના હૃદયમાં દેશ અને સમાજ પ્રત્યે અપાર સ્નેહ અને સહાનુભૂતિ છે, તેમના સનાતન પ્રાચીન રાષ્ટ્રની ઓળખ, દરેકને એક કરે છે તેવી આપણી ભારતીય સંસ્કૃતિ તથા આપણા સૌની અખંડસ્વરૂપ ચૈતન્યમયી ભારતમાતાના અવ્યભિચારી ભક્તિપૂર્ણ ગૌરવ કે જે નિર્ભય થઈને સ્પષ્ટરૂપથી ઉદઘોષિત કરતા રહીએ છીએ. જેઓ પોતે સગુણ સાધનાની તપસ્યા કરે છે અને તેનો ઉપયોગ દરરોજ સમાજના કલ્યાણ માટે કરતા રહે, દરેક ગામ અને વસાહતમાં આવા સજ્જનોના જીવંત ઉદાહરણો બનાવવા પડશે. આ રાષ્ટ્રવ્યાપી સજ્જનોની શક્તિની સામૂહિક તપસ્યા અને સતત નિઃસ્વાર્થ પ્રયાસો દ્વારા જ રાષ્ટ્રના ભાગ્યનો સૂર્ય ક્ષિતિજમાં ઊગતો જોવા મળશે. આ રીતે મોહન ભાગવતજીએ ઉપર્યુક્ત બૌદ્ધિકમાં આતંકવાદ જેવી વૈશ્વિક સમસ્યાનું નિરાકરણ, ભારતની ભૌગોલિક સીમાઓની સુરક્ષા, દેશની આંતરિક સુરક્ષા તેમજ ભારતીય જીવનમૂલ્યોથી સભર ભારતીય લોકોનું સાચું જીવનકર્તવ્ય વગેરે વિષય ઉપર પોતાના સ્વાયત વિચારો રજૂ કર્યા હતા.

### વિચારપૂંજ

સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

# પોતાનો માઈનસ પોઈન્ટ જાણી લેવો, એ જિંદગીનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે




માણસ પોતાની સફળતાઓને યાદ રાખવામાં જેટલો ઉત્સુક હોય છે, પોતાની ખામીઓને સ્વીકારવામાં એટલો જ સંકોચ અનુભવે છે. દરેક વ્યક્તિ પોતાની અંદર રહેલી આવડત, ગુણ અને સિદ્ધિઓને ઓળખે છે, પરંતુ પોતાની નબળાઈઓને ઓળખવી અને તેને સ્વીકારવી એ સાચા આત્મચિંતનની શરૂઆત છે. હકીકતમાં, પોતાનો માઈનસ પોઈન્ટ જાણી લેવો એ જિંદગીનો સૌથી મોટો પ્લસ પોઈન્ટ છે.

જીવનમાં કોઈ પણ વ્યક્તિ સંપૂર્ણ નથી. કોઈ ખૂબ બુદ્ધિશાળી હોય છે તો કદાચ ધીરજ ઓછી



મનન ચિંતન
ભરત બાવીશી

હોય; કોઈ ખૂબ મહેનતું હોય છે તો સમયનું આયોજન ન આવડતું હોય; કોઈ વાતચીતમાં નિષ્ણાત હોય છે તો ગુસ્સા પર નિયંત્રણ ન હોય. આપણી ખામી આપણને નબળા બનાવે છે એવું નથી, પરંતુ ખામીને ઓળખ્યા પછી પણ તેને સુધારવાનો પ્રયાસ ન કરવો એ આપણને ખરેખર નબળા બનાવે છે.

એક વિદ્યાર્થી પરીક્ષામાં વારંવાર ઓછા ગુણ મેળવે છે. જો તે કહે કે "નસીબ ખરાબ હતું" તો સમસ્યા ત્યાં જ રહે છે. પરંતુ જો તે પોતાની જાતને પૂછે કે "મારી તૈયારીમાં ક્યાં કમી રહી?" તો સુધારાનો રસ્તો શરૂ થાય છે. કદાચ તેને સમયનું આયોજન આવડતું નથી, કદાચ વાંચવાની પધ્ધતિ ખોટી છે અથવા કદાચ એકાગ્રતાનો અભાવ છે. પોતાની નબળાઈ શોધી લેવી એટલે અડધી સફળતા મેળવી લેવી.

એ જ રીતે વ્યવસાયમાં પણ કોઈ વ્યક્તિને નુકસાન થાય ત્યારે બીજાને દોષ આપવો સરળ છે. બજાર ખરાબ હતું, ગ્રાહકો સારા નહોતા, સમય ખરાબ હતો;આવા અનેક બહાના મળી શકે. પરંતુ સાચો વ્યવસાયી પોતાની ભૂલ શોધે છે. ભૂલમાંથી શીખવાની ક્ષમતા જ માણસને સામાન્યમાંથી અસાધારણ બનાવે છે.

સંબંધોમાં પણ આત્મચિંતન જરૂરી છે. "સામેવાળો મને સમજતો નથી" એવું કહેવું સહેલું છે, પરંતુ "શું હું સામેવાળાને સમજવાનો પ્રયત્ન કરું છું?" એવો પ્રશ્ન કરવો મુશ્કેલ છે. ઘણી વાર સંબંધો તૂટવાનું કારણ સામેની વ્યક્તિની ભૂલ કરતાં આપણા અહંકાર, ગુસ્સો, અતિ અપેક્ષા કે સંવાદના અભાવમાં છુપાયેલું હોય છે.

પોતાના માઈનસ પોઈન્ટ ઓળખવા માટે દરરોજ થોડો સમય પોતાની જાત સાથે વાત કરવી જોઈએ. આજે મેં શું સારું કર્યું? ક્યાં ભૂલ કરી? કોને દુ:ખ પહોંચાડ્યું? કઈ આદત મને પાછળ ખેંચે છે? અને આવતીકાલે તેમાં શું સુધારો કરી શકું? આવા પ્રશ્નો વ્યક્તિને અંદરથી વધુ મજબૂત બનાવે છે.

પરંતુ પોતાની ખામીઓ ઓળખતી વખતે પોતાને નફરત કરવાની જરૂર નથી. આત્મચિંતનનો અર્થ આત્મદોષારોપણ નથી. પોતાની ખામી સ્વીકારવી એ પોતાની જાતને નાની કરવી નહીં, પરંતુ પોતાની જાતને વધુ સારી બનાવવાની તૈયારી છે.

જીવનમાં સૌથી મોટો વિજય બીજાને હરાવવાનો નથી; પોતાની નબળાઈઓ પર વિજય મેળવવાનો છે. જે વ્યક્તિ પોતાની અંદરના અહંકારને નમાવી શકે, ગુસ્સાને નિયંત્રિત કરી શકે, આળસને હરાવી શકે અને પોતાની ભૂલ સ્વીકારી શકે,તે વ્યક્તિ ખરેખર જીવનનો વિજેતા છે.

અંતે એટલું જ કહેવાનું કે; દુનિયા આપણી ખામીઓ બતાવે એ પહેલાં, જો આપણે જ પોતાની ખામીઓ જોઈ લઈએ, તો સુધારાની તક પણ આપણી પાસે જ રહેશે,કારણ કે પોતાની નબળાઈ ઓળખી લેવી, એ જ સફળતાની સૌથી મજબૂત શરૂઆત છે.

# આધુનિક પશુપાલન થકી આધુનિક ખેતી જ આજની સૌથી મોટી માંગ

ખેતી હવે માત્ર જમીનમાં બીયારણ વાવીને પાક લેવાનો વ્યવસાય રહ્યો નથી. બદલાતા સમય, વધતા ઉત્પાદન ખર્ચ, પાણીની સમસ્યા, હવામાન પરિવર્તન, બજારના ઉતાર-ચઢાવ અને મજૂરોની અછત વચ્ચે પરંપરાગત રીતે ખેતી કરવી દિવસેને દિવસે મુશ્કેલ બની રહી છે. આવી સ્થિતિમાં ખેતીને ટકાવવી હોય તો પશુપાલનને મુખ્ય વ્યવસાય અને આધુનિક ખેતીને તેની સાથે જોડાયેલો આધાર બનાવવો પડશે.

પશુપાલનની સૌથી મોટી વિશેષતા અને તાકાત નિયમિત આવક છે. ખેડૂતને પાક વેચ્યા પછી એકસાથે આવક મળે છે, જ્યારે દૂધમાંથી રોજની અને મહિને નિયમિત આવક ઊભી થઈ શકે છે. જેમ કર્મચારીને દર મહિને પગાર મળે છે, તેમ યોગ્ય આયોજન અને સારા પશુ સંચાલનથી પશુપાલકને દૂધમાંથી નિયમિત "માસિક પગાર" મળી શકે છે. સાથે સાથે ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ જૈવિક ખાતર, વર્મી કમ્પોસ્ટ અને પ્રાકૃતિક ખેતીમાં કરીને ખેતીનો ખર્ચ પણ ઘટાડી શકાય છે. જેમને સારું અને ચોખ્ખું દુધ જોઈએ છે પણ પશુ રાખવા માટે જગ્યા નથી કે પશુપાલનનું કોઈ સંચાલન કરી શકે એમ નથી તેવા લોકો પોતાનું પશુ ખરીદીને એનિમલ હોસ્ટેલમાં મૂકી આવી અને એનિમલ હોસ્ટેલમાં આ પશુનો નિભાવ થાય અને દૂધ દોહીને પશુ માલિકને મળી જાય આ પ્રકારના વ્યવસાય ભવિષ્યમાં જોવા મળશે.



આજે સૌથી મોટો પ્રશ્ન માત્ર ખેતીની આવકનો નથી, પરંતુ ખેડૂતના દીકરાને ખેતીમાં રોકવાનો છે. શહેરમાં વેપારીનો દીકરો પિતાના વ્યવસાયમાં જોડાય છે, નવી દુકાન, ઓફિસ ખોલે છે અથવા ઉદ્યોગ ઊભો કરે છે. ઉદ્યોગપતિનો દીકરો પિતાનો ઉદ્યોગ આગળ વધારે છે અને નવી ફેક્ટરી ઊભી કરે છે. પરંતુ ખેડૂતનો દીકરો ઘણી વખત ખેતી છોડીને શહેરમાં નોકરી કે વ્યવસાય શોધે છે. કારણ કે તેને લાગે છે કે ખેતીમાં મહેનત વધારે છે, જોખમ વધારે છે અને આવક નિશ્ચિત નથી.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

પરિસ્થિતિ એવી બની છે કે ખેડૂતનો દીકરો પોતાના પિતાની જમીન પર ખેતી કરતો હોવા છતાં ભવિષ્યમાં નવી જમીન ખરીદી શકે તેવી આર્થિક ક્ષમતા પણ ઘણી વખત ઊભી કરી શકતો નથી. આ માત્ર એક પરિવારની સમસ્યા નથી; આ ગામડાં અને દેશના ભવિષ્ય સાથે જોડાયેલો મોટો પ્રશ્ન છે.

ગામડાંની કલ્પના વગરનું હિન્દુસ્તાન શક્ય નથી. ૧૪૦ કરોડથી વધુ લોકોનું પેટ ભરવા માટે કોઈ કંપનીના ઓફિસમાં બાજરી, ઘઉં, જુવાર કે કઠોળ ઊગવાના નથી. કોમ્પ્યુટરમાં શાકભાજી અને અનાજનું ઉત્પાદન થવાનું નથી. ખોરાકનું ઉત્પાદન તો ખેડૂતોના ખેતરમાં જ થવાનું છે. તેથી ખેડૂતને બચાવવો એટલે દેશની ખાદ્ય સુરક્ષા બચાવવી. અને જનતાને ભૂખમરાથી બચાવવી પરંતુ તેનો અર્થ એ નથી કે આપણે ખેતીને જૂની પધ્ધતિઓમાં જ બાંધી રાખીએ. પરંપરાગત ખેતી નહીં, પરંતુ પરંપરાના સારા જ્ઞાન સાથે આધુનિક ખેતી અપનાવવી પડશે. ડ્રિપ સિંચાઈ, મલ્ચિંગ, સંરક્ષિત ખેતી, જમીન પરીક્ષણ, ઉચ્ચ ગુણવત્તાવાળા બિયારણ, યાંત્રિકીકરણ, ડિજિટલ કૃષિ, પાક વૈવિધ્યકરણ, સચોટ પોષણ વ્યવસ્થાપન, બજાર સાથે સીધું જોડાણ અને મૂલ્યવર્ધન જેવા નવા આયામો ખેડૂત સુધી પહોંચાડવા પડશે. ખેતીમાં યોજનાકીય અખતરાઓ ન ચાલે, ખેતી માટે લાંબા ગાળાની યોજનાઓ અને આયોજન થકી જ વિકાસ થઈ શકે.

ખેતી સાથે પશુપાલન, બાગાયત, મધમાખી ઉછેર, પ્રોસેસિંગ ઉદ્યોગ, FPO અને સહકારી વ્યવસ્થાને જોડવામાં આવે તો ગામડામાં જ અનેક આવકના સ્ત્રોત ઊભા થઈ શકે છે. સહકારી મોડેલ ને જે સહાય આપવામાં આવે છે એ જ સહાયો જો ખાનગી વ્યવસાય કરતા હોય અથવા એગ્રી એન્ટરપ્રિન્યોરને આપવામાં આવે તો ઝડપથી વિકાસ શક્ય બની શકે.

અહીં શિક્ષણનો મુદ્દો પણ ગંભીર છે. આજે ખેડૂતનો દીકરો એગ્રીકલ્ચર સંબંધિત અભ્યાસક્રમમાં પ્રવેશ લેવા ઘણી વખત તૈયાર થતો નથી. બીજી તરફ ખેતીનો વ્યવહારુ અનુભવ ન ધરાવતા ઘણા યુવાનો માત્ર નોકરીની તક માટે કૃષિ સંબંધિત અભ્યાસ કરે છે. ચોપડીનું જ્ઞાન જરૂરી છે, પરંતુ ખેતરના અનુભવથી અલગ પડેલું ચોપડીનું જ્ઞાન અધૂરું છે. કૃષિ શિક્ષણમાં ખેતર, પશુ, બજાર, પાણી, જમીન અને ખેડૂતના વાસ્તવિક અનુભવને કેન્દ્રસ્થાને લાવવાની જરૂર છે. અને એક મજાની વાત પણ છે કે ખેતી કે પશુપાલન સાથે વાસ્તવમાં જોડાયેલો ન હોય તે વ્યક્તિ લાંબું પ્રવચન આપે છે અને ખેતી-પશુપાલન સાથે જોડાયેલા લોકો તાળીઓ પાડે છે. ભૂલ કોની, ભાષણ કરનારની કે સાંભળનારની? તેનો નિર્ણય હવે વાચકો પર છોડું છું.

સરકારની યોજનાઓ અને નીતિઓમાં પણ સમય પ્રમાણે પરિવર્તન જરૂરી છે. માત્ર સબસિડી આપવાથી પ્રશ્ન ઉકેલાશે નહીં. ખેડૂતની આવક, દૂધની કિંમત, પશુ આરોગ્ય, ચારો, પાણી, પ્રોસેસિંગ, સ્ટોરેજ, બજાર અને મૂલ્યવર્ધન આ બધાને એક સંકલિત મોડેલમાં જોવું પડશે.


આજે ખેતીને બચાવવાનો રસ્તો માત્ર "ખેડૂતને ખેતી કરો" કહેવામાં નથી. રસ્તો છે આધુનિક પશુપાલન, આધુનિક ખેતી, આધુનિક ટેકનોલોજી, આધુનિક બજાર અને ખેડૂત પરિવારની નવી પેઢીને ખેતી સાથે જોડવાનું.

ખેડૂતનો દીકરો ખેતીમાં ગૌરવ અનુભવે, પશુપાલનને વ્યવસાય તરીકે જુવે અને ખેતરને આધુનિક ઉદ્યોગની જેમ ચલાવે ત્યારે જ ગામડાં સમૃધ્ધ બનશે અને ભારતની ખેતી ટકાઉ બનશે. પશુપાલન ક્ષેત્રમાં રોજગારીની ખૂબ મોટી તકો રહેલી છે દૂધ અને દૂધની બનાવટોની જે જરૂરિયાતો છે. તેની સામે આજે પશુપાલન નહિવત છે.ગામડાઓમાં પણ આજે દૂધની થેલી વહેચાય છે. જ્યાં પશુપાલન હોવું જોઈએ તે ગામડાઓ આજે પશુ વિહોણા બન્યા છે જેના કારણો સામાજિક પણ છે. પરંતુ પશુપાલન વ્યવસાય માટે સારી મદદ એ રોજગારીનું સર્જન કરનાર સાબિત થશે. દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનો જન્મ દિવસ ૧૭ મી સપ્ટેમ્બર ના રોજ છે ખેતી પશુપાલન અને ગામડાઓના સર્વાંગી વિકાસ માટે અનેક વિધિ યોજનાઓ અમલી બનાવી છે, ત્યારે યોજનાઓનો લાભ લઈને પશુપાલન ને ઉભરતા આધુનિક વ્યવસાય થકી ખેતીને આધુનિક બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

"આ કાગળ ઉપર માણસ હદયના શબ્દો લખી ને મન મૂકી દેતો, જે સામે વાચક લાગણીઓ વાંચી આંખોમાંથી દરીયો છલકાવતો. આજે હવે વોટ્સઅપ, ફેસબુક કે ઇન્સ્ટાગ્રામ પર ઘણા એવા કાગળ વાંચવા મળી રહે છે. જેમા જીવતર બરબાદ હોય છે પણ જાગે કોણ???

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# અઠવાડીક ખેતી કાર્યો



**સા**વજ બ્યુવેરીયા એ ફુગ આધારિત જૈવિક કીટનાશ છે. કપાસ, મગફળી, દિવેલા, તુવેર, ધાણા, જીરૂ, ચણા, મગ, અળદ, લસણ, ડુંગળી જેવા પાકોમાં આવતી ઈયળો અને ચુસિયા પ્રકારની જીવાતોમાં રોગ પેદા કરી તેનું અસરકારક નિયંત્રણ કરે છે. સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ (૧ કિલો પાવડરમાંથી ૧૨ પંપ કરવા) પ્રમાણે ૧૦ થી ૧૫ દિવસના અંતરે બે કલાક પાણીમાં પલાળ્યા પછી સાંજના સમયે તાપ ઓછો હોય ત્યારે જરૂરિયાત મુજબ સ્ટીકર સાથે ભેળવી છોડ પૂરેપૂરો જાય તેમ છંટકાવ કરવો.

**ચુસીયા જીવાતોનું નિયંત્રણ:**

મોલોમશી, થ્રીપ્સ, તડતડીયા, મીલીબગ, પાન કથીરી, આંબાનો મધીયો વગેરેના નિયંત્રણ માટે સાવજ બ્યુવેરીયા સાથે રાસાયણિક દવાઓ ભલામણ કરતા અડધા ડોઝમાં ભેળવીને નીચે જણાવેલ ક્રમ અથવા સેડ્યુલ પ્રમાણે જરૂરિયાત મુજબ છંટકાવ કરી શકાય.

(૧) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે થયોમીથોકઝામ ૩ થી ૪ ગ્રામ/પંપ.

(૨) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે ડીનોટેફયુરાન ૩ થી ૪ ગ્રામ/પંપ.

(૩) ) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે ડાયમીથોએટ ૧૦ થી ૧૫ મિલી/પંપ.

(૪) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે ઈમીડા કલોપ્રીડ ૩ થી ૪ મિલી/પંપ.

(૫) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે કર્બોસલ્ફાન ૭ થી ૧૦ મિલી/પંપ.

(૬) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે કાર્ટેપ હાઈડ્રોક્લોરાઈડ ૭ થી ૧૦ ગ્રામ/પંપ.

(૭) સાવજ બ્યુવેરીયા ૯૦ થી ૧૦૦ ગ્રામ/પંપ સાથે ફ્લોનીકામીડ ૩ થી ૪ મિલી/પંપ.

**કપાસ પેરા વિલ્ટ :**

આ દેહધાર્મિક વિકૃતિ છે. આનાથી ઉપરથી નીચે તરફ છોડ સુકાતો હોય છે. ફુલ અથવા ઝીંડવા અવસ્થાએ જોવા મળે છે. આ સમયે ઝડપી વિકાસ થતો હોય ત્યારે પ્રકાશસંશ્લેષણ વધુ જોઈતો હોય છે સાથે ઓક્સીજન પણ વધુ જોઈએ. પાણી ભરાઈ રહેવું, નીતારશક્તિ ઓછી હોય, ચીકણી માટી હોય, સેન્દ્રીય ખાતર ઓછુ હોય ત્યારે આ વિલ્ટ આવતો હોય છે. બીટી જાતોમાં વધુ હોય છે. નિવારણ માટે પાણીનો નિકાલ કરવો,જમીનમાં કાણા પાડવા, પોટાશ યુક્ત ખાતર આપવું. ૧૯-૧૯-૧૯ ૧૫૦ ગ્રામ + મૈક્રોમિક્ક્ષ ગ્રેડ-૪ ૨૫ ગ્રામ પમ્પમાં નાખી છંટકાવ કરવો. બોરેક્ષ પાવડર પણ વાપરી શકાય. ૨ ટકા યુરિયાનાં દ્રાવણનું ડ્રેન્સિંગ કરવું. ૧૩-૦-૪૫ ઓગાળી પાક ઉપર છંટકાવ કરવો.

● મુળખાઈ અને સુકારો ઉભા પાકમાં રોગ જોવા મળે કે તુરંત જ મેન્કોઝેબ ૭૫ વેપા, ૦.૨ ટકા (૧૦ લીટરમાં ૨૭ ગ્રામ) અથવા કોપર ઓક્સિકલોરાઈડ ૦.૨ ટકા (૧૦ લીટરમાં ૪૦ ગ્રામ) અથવા કાર્બેડાઝીમ ૦.૧ ટકા (૧૦ લીટરમાં ૧૦ ગ્રામ) નું મિશ્રણ સુકાતા છોડની આજુબાજુ ૫૦ – ૬૦ છોડના થડ પાસે રેડવુ તથા ૪ થી ૫ દિવસ પછી યુરિયા કે એમોનિયમ સલ્ફેટ આપવું.

● ગુલાબી ઈયળના નિયંત્રણ માટે વીઘે ૬ થી ૭ ફેરોમેનટ્રેપ મુકવા.

● ટ્રાઈકોકાર્ડનો વીઘે ૨ કાર્ડ મુજબ ઈંડાના પરજીવીકરણ માટે અઠવાડિયાનાં અંતરે ખેતરમાં પાંચ વાર મુકવા.

● ચીમળાઈ ગયેલ ફૂલ, ચાપવા, કળીઓ,જીંડવાઓ દર ત્રણ દિવસે વીણી સળગાવી નાશ કરવો.

● સુંઢિયું જોવા મળે ત્યારે કપાસના થડ પાસે ક્લોરપાયરીફોસ ૧૦ લિટર પાણીમાં ૨૦ મિલી દવાનું દ્રાવણ રેડવું, જેથી ઈયળોનો નાશ થાય. ભૂકીરૂપ દવા આ જીવાત સામે વધુ અસરકારક જણાયેલ છે. તેમ છતાં પ્રવાહી/ દ્રાવ્યરૂપ ક્વીનાલફોસ ૨૦ મિલી ઈન્ડોક્ઝાકાર્બ ૨ થી ૫ મિ.લિ., પ્રોફેનોફોસ ૧૦ થી ૧૫ મિ.લિ.થાયોડીકાર્બ ૭ ગ્રામ દવા



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

પૈકી કોઈ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. પર્યાવરણ માટે સલામત હોય તેવી જંતુનાશક દવાઓ જેવી કે બ્યુવેરીયા બાસીયાના ૮૦ ગ્રામ પ્રતિ ૧૫ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

**મગફળી:**

મગફળીમાં અફલાટોકસીન ઘટાડવા માટે નીચેના પગલાં લેવા જોઈએ.

● મગફળીમાં થડના કોહવારાના નિયંત્રણ માટે ટ્રાઈકોર્ડમાં વિરીડા પાવડરને પાણી સાથે ૨.૫ કિલો/ હેકટરે જમીનમાં આપવું.

● મગફળી ઉપાડવાનો સમય થયો હોય તો ફુવારાથી હળવું પિયત આપવું જેથી ડોડવા જમીનમાં તૂટે નહીં

● લશ્કરી ઈયળ(પ્રોડેનીયા)ના નિયંત્રણ માટે કલોરપાયરીફોસ 0.05% (૨૫ મિ.લી.) અથવા ડાયકલોરવોશ 0.05% (૫ મિ.લી.) અથવા કવીનાલફોસ 0.05% (૨૦ મિ.લી.) છંટકાવ કરવો

● જ્યારે મગફળી હાથથી છૂટી પાડવાની થાય ત્યારે અપરિપક્વ ડોડવા અલગ પાડો. જ્યારે યાંત્રિક રીતે થ્રેસરનો ઉપયોગ કરી મગફળી છૂટી કરવાની થાય ત્યારે થ્રેસરની જાળી મગફળીના કદ અને જાત પ્રમાણે યોગ્ય કદના કાણા વાળી રાખો. હલકા અને અપરિપક્વ ડોડવા અલગ પડે તેટલી હવા થ્રેસરના પંખાની લાગે તેવી વ્યવસ્થા કરો.

● યંત્રથી નુકસાન થયેલ અથવા જીવાતથી નુકસાન થયેલ ડોડવાને દુર કરો.

● બરાબર ભરાયેલ ડોડવાને ૮ ટકા ભેજ આવે ત્યાં સુધી સૂકવો. આનો નિર્ણય કરવા માટે થોડા ડોડવા હાથમાં લઈ ખખડાવવાથી ખ્યાલ આવે

**દિવેલા:**

ડોડવા (ઘાંટા) કોરી ખાનાર ઈયળ

● ખેતરમાં પ્રકાશપિંજર ગોઠવી ફૂદીઓને મોટી સંખ્યામાં આકર્ષીને નાશ કરી શકાય.

● બેસીલસ થુરીન્જીન્સીસ નામના રોગપ્રેરક જીવાણુનો પાઉડર ૨૦ ગ્રામ અથવા બ્યુવેરીયા બેસીયાના નામની ફુગનો પાઉડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઉમેરી છંટકાવ કરવો.

● કલોરપાયરીફોસ ૨૦ ઈસી ૨૦ મિલી અથવા ફેનવાલરેટ ૨૦ ઈસી ૫ મિલી અથવા ડેલ્ટામેથ્રીન ૨.૮ ઈસી ૫ મિલી ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

**ડાંગર ડાંગર : કરમોડી / ખડખડીયો / બ્લાસ્ટ**

રોગ જણાય કે તરત જ ટ્રાયસાયક્લાઝોલ ૭૫ વેપા ૬ ગ્રામ અથવા આઈબ્રોબેનફોસ ૪૮ ઈસી ૧૦ મિ.લી. અથવા કાર્બેન્ડાઝીમ ૫૦ વેપા ૧૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી ૧૫-૨૦ દિવસના અંતરે જરૂરિયાત મુજબ બે થી ત્રણ છંટકાવ કરવા. ગુજરાતમાં ડાંગરની ખેતી કરતા ખેડૂતોને કરમોડી રોગના અસરકારક વ્યવસ્થાપન માટે ફૂગનાશકોના તૈયાર મિશ્રણ, પ્રોપીકોનાઝોલ ૧૦.૭% + ટ્રાયસાયક્લાઝોલ ૩૪.૨% એસઈ, ૦.૦૪%, ૧૦ મિ.લી./૧૦ લિટર પાણી (છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૪૬ દિવસ) અથવા ટેબુકોનાઝોલ ૫૦% + ટ્રાઈફલોક્સિસ્ટ્રોબિન ૨૫% ડબલ્યુજી, ૦.૦૩૦%, ૪ ગ્રામ/૧૦ લિટર પાણી (છેલ્લા છંટકાવ અને કાપણી વચ્ચેનો સમયગાળો ૨૧ દિવસ)ના બે છંટકાવ, પ્રથમ રોગ જોવા મળે ત્યારે અને બીજો છંટકાવ તેના ૧૫ દિવસ બાદ

**કઠોળ:** કઠોળ પાકોની કાપણી વખતે પાકને ઉપાડવો નહિ પણ કાપવો, લીલો પડવાશ કરવો.

**જુવાર:** દાણાની જુવાર દુધિયા દાણાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય ત્યારે પિયતની સગવડ હોય તો પૂરક પિયત આપવું.

**શેરડી:**

● સફેદ મોલોનો ઉપદ્રવ વધ્યો છે. આ જીવાતનો ઉપદ્રવ સૌરાષ્ટ્રમાં પ્રથમ જોવા મળેલ છે. આ જીવાત છાયાવાળી જગ્યાએ પાકમાં વધુ જોવા મળે છે. શક્ય બને તે શેરડીના સુકાપાન કાઢતા જવા જેથી બીજી રોગ – જીવાત પણ ઓછા આવે. ઉપદ્રવ પાનને દુર કરવા. પરભક્ષી કાળા દાળિયા (કીટક) વધે તેવા પ્રયત્નો કરવા.

● વર્ટીસીલીયમ લેકાની કે બીવેરીયા બાસીયાના મેંટારીઝમ નામનીફૂગનો પાવડર ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો.

● ડાયમીથોયેટ મિથાઈલ ઓ – ડીમેટોન૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**વર્મીવોશ:**

● વર્મીવોશ બનાવી તેનાં છંટકાવથી ભીંડા, રીંગણ વગેરે શાકભાજીમાં ઉપયોગથી ઘણો ફાયદો થાય છે. કિટકનાશક તરીકે પણ કામ કરે છે.

● તે વાપરવાથી પાકની વૃદ્ધિ અને વિકાસ સારો થાય, પ્રકાશસંશ્લેષણની પ્રકિયામાં વધારો થાય .

● છોડ જુસ્સાવાળો અને રોગ-જીવાત પ્રતિકારક ક્ષમતા ધરાવતો પેદા થાય છે.પેદાશની



ગુણવતા સુધરે છે.

**તમાકુ : સફેદ ટપકા / સફેદ ચાંચડી ::**

● હેક્ઝાકોનાઝોલ ૫ એસસી ૧૦ મિલી અથવા પ્રોપીનેબ ૭૦ વેપા ૩૦ ગ્રામ અથવા કાર્બેન્ડાઝિમ ૫૦ વેપા ૫ ગ્રામ અથવા કાર્બેન્ડાઝિમ ૧૨ % + મેન્કોઝેબ ૬૩ % વેપા ૩૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી કોઈપણ એક ફુગનાશકનો વારાફરતી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરવા.

**બાગાયત:**

● આંબા – ચીકુ અને જામફળની વાડીમાં નર તેમજ માદા ફળમાખીના નાશ માટે ફેન્થેઓન ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**નાળીયેરી:**

● કાળા માથાવાળી ઈયળ પાનની નીચે નુકશાન કરે છે આનો ઉપદ્રવ આખા વર્ષ દરમ્યાન વતા-ઓછા પ્રમાણમાં જોવા મળે છે.

● નિયંત્રણ માટે પાન પર વધુ નુકશાન હોય તો તેને કાપી નાશ કરવો. અને નિયમિત પિયત આપવું.

● ઓછો ઉપદ્રવ હોય ત્યારે ફોઝોલોન ૩૫ ઈસી ૩૦ મીલી અથવા મોનોક્રોટોફોસ ૩૬ એસ. એલ. ૧૫ મીલી ૧૫ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**શાકભાજી:** રીંગણી, મરચી, ટામેટી, તમાકુ : ધરૂ મૃત્યુ / ધરૂનો કોહવારો

રોગ દેખાય ત્યારે એઝોકિસસ્ટ્રોબિન ૨૩ એસસી ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણી અથવા ફેનામીડોન ૧૦ % + મેન્કોઝેબ ૫૦ % વેપા ૩૦ ગ્રામ ૧૦ લીટર પાણીનો છંટકાવ કરવો અથવા મેટાલેક્ષીલ એમઝેડ ૬૮ વેપા ૨૦૦ લીટર પાણીમાં ૩૨ ગ્રામ મુજબ ઓગાળી એક ગુંઠા વિસ્તારમાં ઝારાથી રેડવું અથવા ૦.૬ % બોર્ડો મિશ્રણનું દ્રાવણ ઝારાની મદદથી પ્રતિ ચોરસ મિટરે બે લીટર મુજબ આપવાથી આ રોગને અસરકારક રીતે અટકાવી શકાય.

# બાયો પ્લાસ્ટિક ટકાઉ ખેતી અને પર્યાવરણ બંનેને અનુરૂપ

**હા**લનું આબોહવા પરિવર્તન મુખ્યત્વે ગ્લોબલ વૉર્મિંગને કારણે છે, જે અશ્મિભૂત ઈંધણના દહન અને વન નાબૂદી જેવા માનવીય પ્રવૃત્તિઓથી ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને કારણે થાય છે. પ્લાસ્ટિક પ્રદૂષણ ગ્લોબલ વૉર્મિંગ માટે એક મોટું કારણ છે, જે તેના સમગ્ર જીવનચક્ર દરમિયાન મિથેન અને ઈથિલિન જેવા ગ્રીનહાઉસ વાયુઓ મુક્ત કરે છે. દુનિયામાં ગ્લોબલ વાર્મિંગના કારણે ગર્મીનો હાહાકાર વધતો જઈ રહ્યુ છે. પ્લાસ્ટિકનું પ્રદુષણ હવે માત્ર સમુદ્ર કે જળસ્ત્રોત સુધી સીમીત નથી, બલકે તે ખેતરોમાં પાક ઉત્પાદનને પણ અસર કરી રહ્યું છે. એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે, માઈક્રો પ્લાસ્ટિક છોડમાં થતી પ્રકાશ સંશ્લેષણની પ્રક્રિયાને નુકસાન પહોંચાડી રહ્યું છે. પ્લાસ્ટિકના સૂક્ષ્મ કણો પાંદડા સુધી પહોંચનારી સૂર્યના કિરણના માર્ગમાં બાધક બને છે. આથી માટીને નુકસાન થઈ શકે છે, જેના પર છોડ આશ્રિત હોય છે. જો આ પ્લાસ્ટિક કોઈ માર્ગેથી અંદર ચાલ્યા જાય છે તો પોષક તત્વની સાથે પાણીના પ્રવાહમાં રોડા અટકાવે છે. અને પાકના ઉત્પાદન અને ગુણવતાને અસર કરે છે એથી દુનિયાભરમાં ખાદ્ય સુરક્ષા પર ખતરો છે. જમીનની સાથે સાથે આ માઈક્રો પ્લાસ્ટિક સમુદ્રી જીવનને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે. એ પણ દાવો કરવામાં આવ્યો છે કે, આવનાર અમુક સમયમાં પ્લાસ્ટિકનું ખેતીમાં પ્રદુષણના લીધે વસ્તીને ભૂખમરાનો સામનો કરવો પડી શકે છે. કૃષિમાં મલ્ચિંગ સીટ, ટપક સિંચાઈ પાઈપ અને પેકેજિંગ માટે પ્લાસ્ટિકનો અતિશય ઉપયોગ જમીન અને પાણીને પ્રદૂષિત કરી રહ્યો છે. માઈક્રો પ્લાસ્ટિક જમીનમાં ભળીને તેની ફળદ્રુપતા ઘટાડે છે અને છોડના વિકાસને અટકાવે છે, જે પાક ઉત્પાદનમાંથી સુધીનો ઘટાડો કરી શકે છે.

**કૃષિમાં પ્લાસ્ટિક થકી પ્રદૂષણની અસરો:**

● **જમીનની ફળદ્રુપતામાં ઘટાડો:** માઈક્રો પ્લાસ્ટિક જમીનમાં ભળી જવાથી તે લાંબા સમય સુધી સડતું નથી, જેનાથી જમીનની છિદ્રાળુતા અને પાણી શોષવાની ક્ષમતા ઘટે છે.

● **પાક ઉત્પાદન પર અસર:** માઈક્રો પ્લાસ્ટિક છોડના મૂળ સુધી સૂર્યપ્રકાશ (પ્રકાશસંશ્લેષણ) અને પોષકતત્વો પહોંચવામાં અવરોધ ઉભો કરે છે, જે ઉત્પાદકતા ઘટાડે છે.

● **ભૂગર્ભજળ પ્રદૂષણ:** પ્લાસ્ટિકમાંથી મુક્ત થતા હાનિકારક રસાયણો જમીનમાં ઉતરીને ભૂગર્ભજળને ઝેરી બનાવે છે.

ડો. રિશી કે કાલરીયા
અસ્પી શકીલમ બાયોટેનોલોજી
ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી,
સુરત

● **પર્યાવરણીય નુકસાન:** પ્લાસ્ટિકના કચરાને બાળવાથી ઝેરી ધુમાડો પેદા થાય છે, જે હવાનું પ્રદૂષણ વધારે છે અને ગ્લોબલ વૉર્મિંગમાં વધારો કરે છે

**ઉકેલ અને વ્યવસ્થાપન:**

● **બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક:** પરંપરાગત પ્લાસ્ટિકને બદલે બાયો-ડિગ્રેડેબલ મલ્ચિંગ સીટનો ઉપયોગ વધારવો જોઈએ

**બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક શું છે ?**

બાયોડિગ્રેડેબલ પ્લાસ્ટિક એ મકાઈના સ્ટાર્ચ, સેલ્યુલોઝ કે વનસ્પતિ તેલ જેવા નવીનીકરણીય સ્ત્રોતોમાંથી બનેલું પર્યાવરણ-મૈત્રીપૂર્ણ



મટિરિયલ છે, જે સૂક્ષ્મજીવાણુઓ દ્વારા કુદરતી રીતે પાણી, કાર્બન ડાયોક્સઈડ અને બાયોમાસમાં વિઘટન પામે છે

કૃષિ છેત્રે બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિકની શું ઉપયોગીતા છે ?

કૃષિ ક્ષેત્રે બાયોપ્લાસ્ટિક/ બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક (જેમ કે મકાઈ કે બટાકાના સ્ટાર્ચમાંથી બનાવેલ) પર્યાવરણ-મૈત્રીપૂર્ણ વિકલ્પ છે, જે જમીનમાં દ્રાવ્ય છે અને મલ્ચિંગ ફિલ્મ, રોપાઓની નર્સરી બેગ, અને પેકેજિંગ તરીકે વપરાય છે. તે પરંપરાગત પ્લાસ્ટિકની જેમ માઈક્રોપ્લાસ્ટિક પ્રદૂષણ ફેલાવ્યા વગર કુદરતી રીતે વિઘટન પામે છે, જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે. આ ટેક્નોલોજી ખેતીમાં પાકની ઉત્પાદકતા માં વધારવા અને ખેતીને વધુ નફાકારક બનાવવામાં મદદરૂપ થાય છે

**કૃષિમાં બાયોપ્લાસ્ટિકના મુખ્ય લાક્ષણિકતાઓ:**

● **બાયોડિગ્રેડેબલ મલ્ચિંગ ફિલ્મ:** આ ફિલ્મ ખેતરમાં જ સડી જાય છે, તેથી પાક લણણી પછી તેને દૂર કરવાની કે બાળવાની જરૂર પડતી નથી, જે મજૂરી ખર્ચ બચાવે છે.

● **નર્સરી અને પોટિંગ બેગ્સ:** છોડ ઉછેરવા માટે વપરાતી આ બેગ્સ જમીનમાં રોપતી વખતે દૂર કરવાની જરૂર નથી, કારણ કે તે છોડના મૂળ સાથે જ જમીનમાં ભળી જાય છે.

● **પેકેજિંગ મટિરિયલ:** ફળ-શાકભાજીના પેકિંગમાં, જે પ્લાસ્ટિક પ્રદૂષણ ઘટાડે છે.


● **કુદરતી વિઘટન:** આ પ્લાસ્ટિક ચોક્કસ પરિસ્થિતિઓમાં (માટી, ખાતર અથવા પાણીમાં) સૂક્ષ્મજીવો દ્વારા કુદરતી રીતે વિઘટિત થાય છે

● **જમીન આરોગ્ય:** તે જમીનમાં ઝેરી કેમિકલ્સ ઉમેરતું નથી, જે લાંબા ગાળે જમીનની ગુણવત્તા સુધારે છે.

**મર્યાદા :** બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિકને સંપૂર્ણપણે નાશ પામવા માટે ઘણીવાર ચોક્કસ તાપમાન અથવા ભેજયુક્ત હવામાનની જરૂર પડે છે, અને જો તે યોગ્ય રીતે વિઘટન ન પામે તો કચરો બની શકે છે.

બાયો-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક ખેતીમાં ટકાઉપણું લાવવા અને પર્યાવરણને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત રાખવા માટે ભવિષ્યનો શ્રેષ્ઠ વિકલ્પ છે. તે મુલ્ચિંગ ફિલ્મ્સ, નર્સરી પોટ્સ અને ખાતરની બેગ તરીકે ઉપયોગી છે, જે જમીનમાં કુદરતી રીતે ભળી જઈને ખાતરમાં ફેરવાય છે, જેથી ખેતરમાં પ્લાસ્ટિકનો કચરો ભેગો થતો નથી.

# ચોમાસું બાજરીની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ



(૬) ગુજરાત હાયબ્રીડ બાજરા-૭૩૨ (જી.એચ.બી.-૭૩૨):-

દાણા અને સુકા ચારાનું વધુ ઉત્પાદન આપતી, મધ્યમ મોડી પાકતી, કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, દાણાનો આકર્ષક રંગ તેમજ દાણા મધ્યમ મોટા કદના ધરાવતી આ જાત ખરીફ વાવેતર માટે સને ૨૦૦૭માં બહાર પાડવામાં આવેલ છે. ડૂંડા મધ્યમ જાડા અને આકર્ષક દેખાવવાળા, સ્વાદિષ્ટ રોટલો અને ઉત્તમ પ્રકારનો ચારો આપતી આ જાત ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે ભારતના બાજરો ઉગાડતા મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં પણ ખરીફ ઋતુમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૯ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૫૫૮, એમ.એચ.-૧૬૯ અને પી.બી.-૧૦૬ (પ્રાઈવેટ જાત) કરતાં અનુક્રમે ૧૧,૫૨ અને ૩૪ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે.(૭) ગુજરાત હાયબ્રીડ બાજરા–૭૪૪ (જી.એચ.બી.-૭૪૪):-

કતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ વહેલી પાકતી, ડૂંડા ઘટ અને આકર્ષક દેખાવ વાળા તથા દાણા મોટા કદના ધરાવતી, આ જાતને સમગ્ર ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં ખરીફ ઋતુના મધ્યમ સમયમાં પાકતી જાત તરીકે વાવેતર માટે વર્ષ ૨૦૦૭થી ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૮ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને

ડૉ.રાકેશ.એસ.પરમાર, શ્રી અર્પિત.પી. ભુરીયા,
ડૉ.ધવલ.એન.પડાળીયા અને
ડૉ. આશિષ. જી. વાળા પોલીટેકનિક ઇન
એગ્રીકલચર, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી,
ધારી કૃષિ મહાવિધાલય, વિભાગ
બાયો ટેક. જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૫૭૭ અને એમ. એચ ૧૬૯ કરતાં અનુક્રમે ૧૯ અને ૫૧ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે.

(૮) ગુજરાત હાયબ્રીડ બાજરા–૭૧૯ (જી.એચ.બી.-૭૧૯):- કતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ વહેલી પાકતી, ડૂંડા ઘટ અને આકર્ષક દેખાવ વાળા તથા દાણા મોટા કદના ધરાવતી, આ જાતને સમગ્ર ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં ખરીફ ઋતુના મધ્યમ સમયમાં પાકતી જાત તરીકે વાવેતર માટે વર્ષ ૨૦૦૭થી ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૮ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૫૭૭ અને એમ. એચ ૧૬૯ કરતાં અનુક્રમે ૬ અને ૩૮ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે. આ જાત ડુંડો પર મૂછો ધરાવતી હોય પક્ષીથી નૂકશાન ઓછું થાય છે. વાવેતરનો સમય, બીજનો દર અને વાવેતર અંતર :-

ચોમાસામાં વાવણી લાયક વરસાદ થયે (૧૫ જૂનથી ૧૫ જુલાઈ સુધીમાં) વાવેતર કરવું. જો વાવણી લાયક વરસાદ ૧૫ જુલાઇ પછી થાય તો વહેલી પાકતી જાતનું વાવેતર કરવું. બાજરાનું વાવેતર હેક્ટર દીઠ ૪.૦ કિ.ગ્રા. મુજબ બીજનો દર રાખી કરવું જોઈએ. જો ક્ષારીય, ક્ષારીય ભાસ્મીક કે ભાસ્મીક જમીન હોય તો તેના માટે ૬.૦ કિ.ગ્રા./ હે. પ્રમાણે બિયારણનો દર રાખી બાજરાનું વાવેતર કરવું જોઈએ. બે હાર વચ્ચે ૬૦ સે.મી. અંતર રાખી વાવેતર કરવું જોઈએ અને વાવેતરના પંદર દિવસ બાદ હારમાં બે છોડ વચ્ચે ૧૦ થી ૧૨ સે.મી. અંતર રાખી પારવણી કરવી જોઈએ. બીજનું વાવેતર ચાસમાં ૪ સે.મી.થી વધારે ઊંડાઈએ કરવું નહીં, જેથી બીજનો ઉગાવો પૂરતો અને ઝડપી થાય છે.

# ભારતીય જ્ઞાન અને સંસ્કૃતિને ભૂંસવાના અનેક પ્રયાસો નિષ્ફળ રહ્યાઃ અમિત શાહ

મુંબઈ,તા.૧૩



મુંબઈની એશિયાટિક સોસાયટી ખાતે 'ગણેશ જ્ઞાનાર્થી' વિશેષ હસ્તપ્રત પ્રદર્શનના ઉદ્‌ઘાટન પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહત્વપૂર્ણ સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ભારતના સમૃધ્ધ જ્ઞાન, સંસ્કૃતિ અને પરંપરાઓને નષ્ટ કરવાના અનેક પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ તે તમામ પ્રયાસો સંપૂર્ણપણે નિષ્ફળ નિવડ્યા છે.

અમિત શાહે નાલંદા પુસ્તકાલયનું ઉદાહરણ આપતાં કહ્યું કે, પુસ્તકો અને ઈમારતોને સળગાવી શકાય છે, પરંતુ શ્રુતિ અને સ્મૃતિ દ્વારા લોકોના માનસપટ પર કોતરાયેલા અગાધ જ્ઞાનનો નાશ કરવો અશક્ય છે. જે રાષ્ટ્ર પોતાની ભાષા, ઈતિહાસ અને સંસ્કૃતિનું જતન કરે છે, તેને ક્યારેય કાયમી ગુલામ બનાવી શકાતું નથી.

વધુમાં તેમણે સ્પષ્ટ કર્યું કે સાચું જ્ઞાન ક્યારેય કોઈ ચોક્કસ વિચારધારાનું બંધક ન હોઈ શકે. દેશમાં ડી-કોલોનાઈઝેશન (વસાહતીકરણ માંથી મુક્તિ)નો અર્થ ઈતિહાસને ભૂંસી નાખવાનો નથી, પરંતુ ભારતીય દ્રષ્ટિકોણથી સાચા અને અધિકૃત ઈતિહાસને વિશ્વ સમક્ષ રજૂ કરવાનો છે. એશિયાટિક સોસાયટીમાં રહેલા પ્રાચીન ગ્રંથો અને હસ્તપ્રતોને ડિજિટાઈઝ કરીને સમાજ સમક્ષ લાવવા પર તેમણે ભાર મૂક્યો હતો.

# અયોધ્યા રામ મંદિર ચઢાવા ચોરી કેસમાં ૨૨-૨૩ સપ્ટેમ્બર સુધીમાં ચાર્જશીટ દાખલ થવાની શક્યતા

અયોધ્યા,તા.૧૩



અયોધ્યાના રામ મંદિરમાં ચઢાવા ચોરી કેસની તપાસ નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. પકડાયેલા તમામ આઠ આરોપીઓ સામે પુરાવા એકત્ર કરી પોલીસે આશરે ૭,૦૦૦ પાનાની કેસ ડાયરી તૈયાર કરી છે. પોલીસ ૨૨ અને ૨૩ સપ્ટેમ્બર સુધીમાં કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવાની તૈયારી કરી રહી છે. ચાર્જશીટમાં આરોપીઓના નિવેદનો, મંદિર પરિસરના સીસીટીવી ફૂટેજ, જપ્ત કરાયેલી રોકડ, વાહનો, દાગીના અને મહત્વપૂર્ણ દસ્તાવેજોનો સમાવેશ થાય છે. તપાસ દરમિયાન ૨૭ એપ્રિલથી ૫ જૂન વચ્ચે ચઢાવાની રકમ છુપાવવા કે નિકાળવાના ૭૦ થી વધુ કિસ્સાઓ સામે આવ્યા હતા.દરમિયાન, ઘટના બાદ ઘટેલી શ્રદ્ધાળુઓની સંખ્યામાં હવે ફરી સુધારો જોવા મળી રહ્યો છે. મંદિરમાં પારદર્શિતા અને નવી સુરક્ષા વ્યવસ્થાથી ભક્તોનો વિશ્વાસ પુનઃસ્થાપિત થયો છે. તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સથી આવેલા ૧૦ વિદેશી ભક્તોએ (૭ મહિલા અને ૩ પુરુષ) રામલલ્લાના દર્શન કરી આસ્થા વ્યક્ત કરી હતી.

# ઉનાના ખાપટ ગામની વાડીના કુંડામાંથી ૧૦ ફૂટનો મહાકાય અજગર રેસ્ક્યુ કરાયો

ઉના,તા.૧૩



ઉના તાલુકાના ખાપટ ગામની સીમમાં આવેલી રમેશચંદ્ર દવેની વાડીમાં બપોરના સમયે શ્રમિકો કામ કરી રહ્યા હતા. આ દરમિયાન પાણીના કુંડામાં અચાનક હલચલ થતાં શ્રમિકોએ નજીક જઈને જોયું તો આશરે ૧૦ ફૂટ લાંબો વિશાળ અજગર દેખાયો હતો. કુંડામાં મહાકાય અજગરને જોઈને શ્રમિકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. શ્રમિકોએ તાત્કાલિક જસાધાર વન વિભાગને જાણ કરી હતી. વન વિભાગની ટીમે સ્થળ પર પહોંચીને ભારે જહમત બાદ અજગરને સુરક્ષિત રીતે પકડી બાચકામાં પૂરી લીધો હતો. અજગરને કોઈ ઈજા પહોંચાડ્યા વિના તેને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવતાં વાડી માલિક અને શ્રમિકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# છત્તીસગઢના રાજકારણમાં ગરમાવોઃ કેબિનેટ મંત્રીના મોટાભાઈ ધલ દાસ કોંગ્રેસમાં જોડાયા

રાયપુર,તા.૧૩



છત્તીસગઢમાં એક મોટી રાજકીય હલચલ જોવા મળી છે. સતનામી સમુદાયના ધાર્મિક નેતા બલદાસ સાહેબના મોટા પુત્ર અને કેબિનેટ મંત્રી ગુરુ ખુશવંતના મોટા ભાઈ ગુરુ ધલ દાસ કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે. પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે તેમને પક્ષનું પ્રાથમિક સભ્યપદ આપી સાદર આવકાર્યા હતા. રાજ્યમાં આશરે ૧૪ ટકા વસ્તી ધરાવતા સતનામી સમુદાયમાં આ પરિવારનો ભારે સામાજિક અને ધાર્મિક પ્રભાવ છે. ધલ દાસે સ્પષ્ટતા કરી હતી કે સ્વતંત્ર ભારતમાં નિર્ણય લેવા માટે દરેક વ્યક્તિ મુક્ત છે, અને કોંગ્રેસમાં જોડાતા પહેલાં તેમણે પરિવાર સાથે કોઈ ચર્ચા કરી નહોતી.એક જ પ્રભાવશાળી પરિવારના બે સભ્યો વિરોધી રાજકીય પક્ષોમાં હોવાથી રાજ્યના રાજકારણમાં ભારે ચર્ચા જાગી છે. ૯૦ વિધાનસભા બેઠકોમાંથી ૨૦ બેઠકો પર સતનામી સમુદાયનું વર્ચસ્વ હોવાથી કોંગ્રેસ તેમના જોડાણથી ઉત્સાહિત છે અને પક્ષ વધુ મજબૂત બનવાનો દાવો કરી રહી છે.

# દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે શ્રાવણી અમાસે ૩ ટન બરફમાંથી દિવ્ય શિવલિંગ બનાવાયું

ઉના,તા.૧૩


તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર ગઢડા સ્થિત SGVP સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે શ્રાવણ માસની પૂર્ણાહુતિ અને અમાસ નિમિત્તે વિશેષ ધાર્મિક આયોજન કરાયું હતું. મારુતિધામ પટાંગણમાં પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા અને પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ ૩ ટન બરફમાંથી કલાત્મક શિવલિંગનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તાજા નાળિયેરના પાન, સુગંધી પુષ્પો અને રંગીન બરફથી સજ્જ આ શિવલિંગના દર્શન માટે વહેલી સવારથી જ સેંકડો ભક્તો ઉમટી પડ્યા હતા. આ સાથે મારુતિધામમાં શ્રી કષ્ટભંજન હનુમાનજી મહારાજને 'શિવ' લખેલા બિલ્વપત્રના વિશેષ વાઘા ધરાવી શિવમય શ્રૃંગાર કરવામાં આવ્યો હતો.

# સોમનાથ ધામથી પ્રધાનમંત્રી મોદીના ૨૫ વર્ષના સેવાકાર્ય નિમિત્તે 'સેવા યાત્રા'નો પ્રારંભ

ઉના,તા.૧૩



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના જાહેર જીવન અને જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સોમનાથ ધામથી ભવ્ય 'સેવા યાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતના યુવાનો દ્વારા આયોજિત આ યાત્રાને રાજ્યના મંત્રી શ્રી કૌશિક વેકરીયા, મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા અને જુનાગઢના સાંસદ શ્રી રાજેશ ચુડાસમા સહિતના આગેવાનોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. નેતાઓએ જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષની આ સફળ સફર માત્ર સત્તા માટે નથી, પરંતુ સતત જનસેવા, સંઘર્ષ અને રાષ્ટ્રનિર્માણના સમર્પણની ગાથા છે. મુખ્યમંત્રીથી લઈને દેશના પ્રધાનમંત્રી સુધી તેમણે 'સબકા સાથ, સબકા વિકાસ'ના મંત્ર સાથે વિકાસને નવી દિશા આપી છે. આ સેવા યાત્રા દ્વારા તેમના સેવાકાર્યોના સંદેશને જન-જન સુધી પહોંચાડવામાં આવશે. સંગઠનના યુવાનો અને કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાઈને યાત્રાને સફળ બનાવવા કાર્યરત છે.

# તમિલનાડુમાં સરકારી કર્મચારીઓ માટે ૩૧ ઓક્ટોબર સુધીમાં સંપત્તિની વિગતો આપવી ફરજિયાત

ચૈન્નઈ,તા.૧૩



તમિલનાડુ સરકારે વહીવટમાં પારદર્શિતા અને જવાબદારી વધારવાના હેતુથી તમામ સરકારી કર્મચારીઓ અને અધિકારીઓને ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાની સંપત્તિ અને જવાબદારીઓની વિગતો ઓનલાઈન જમા કરવાનો નિર્દેશ આપ્યો છે. કર્મચારીઓએ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીની સ્થાવર અને જંગમ મિલકતોનો હિસાબ આપવાનો રહેશે. નવા નિયમો મુજબ, હવે કાગળ કે પ્રિન્ટેડ ફોર્મ સબમિટ કરવાને બદલે સમગ્ર પ્રક્રિયા 'IFHRMS' (ઈન્ટિગ્રેટેડ ફાઈનાન્શિયલ એન્ડ હ્યુમન રિસોર્સિસ મેનેજમેન્ટ સિસ્ટમ) પોર્ટલ પર ડિજિટલી પૂર્ણ કરવાની રહેશે. આ ઘોષણાપત્રમાં કર્મચારીઓએ પોતાના તથા પરિવારના નામે રહેલા મકાન, જમીન, વાહનો, દાગીના, બેંક ડિપોઝિટ તેમજ નાણાકીય દેવાની વિગતો આપવી આવશ્યક છે. સમયમર્યાદામાં વિગતો પૂરી ન પાડનાર સામે નિયમભંગ બદલ કાર્યવાહી થઈ શકે છે. આ ડિજિટલ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય જાહેર સેવકોની સંપત્તિ પર દેખરેખ રાખવાનો અને ભ્રષ્ટાચાર પર અંકુશ મેળવવાનો છે.

# ગીર ગઢડાના રાવલ અને મચ્છુંદ્રી ડેમને 'સૌની યોજના' હેઠળ ભરવા ધારાસભ્યની રજૂઆત

ગીર ગઢડા,તા.૧૩



ગીર ગઢડા તાલુકામાં સિંચાઈ માટે પાણીની જરૂરિયાત ઊભી થતાં ઊનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે રાવલ અને મચ્છુંદ્રી ડેમને 'સૌની યોજના' હેઠળ પાણીથી ભરવા ગુજરાત સરકારમાં રજૂઆત કરી છે.ગાંધીનગર ખાતે તેમણે જળસંપતિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલને રૂબરૂ મળીને લેખિત પત્ર સોંપ્યો હતો. ધારાસભ્યશ્રીએ જણાવ્યું કે આ બંને ડેમ ભરાવાથી આસપાસના અનેક ગામોના ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ મળશે. આ ઉપરાંત ભૂગર્ભજળના સ્તર ઊંચા આવવાથી સ્થાનિક ગ્રામીણ અર્થતંત્ર અને પશુપાલનને મોટો ફાયદો થશે. હાલ ખેડૂતો સરકારની ઝડપી કાર્યવાહીની રાહ જોઈ રહ્યા છે.

# રાજેશ ચુડાસમાએ માંગરોળ બંદર ફેઝ-૩ ની મુલાકાત લીધી

ઉના,તા.૧૩



જૂનાગઢના સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ માંગરોળ બંદર ફેઝ-૩ ની ચાલી રહેલી કામગીરીની સ્થળ મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.આ મુલાકાત દરમિયાન સ્થાનિક માછીમારો અને ખારવા સમાજના આગેવાનોની વિવિધ રજૂઆતો સાંભળી તેમની સમસ્યાઓ ઉકેલવાની હૈયાધારણા આપી હતી. વધતી જતી બોટોને ધ્યાને રાખી બંદરના વિસ્તરણ અને વેસ્ટર્ન બ્રેકવોટર વોલને પ્રોટેક્શન આપવા અંગે જરૂરી સૂચનો કર્યા હતા. સાંસદની આ મુલાકાતથી સ્થાનિકોમાં બંદરના વિકાસ અંગે આશાવાદ સર્જાયો છે.

# ધોરાજીના પંચનાથ મહાદેવ મંદિરે ભાદરવી અમાસે 'ઓમ નમઃ શિવાય'નો નાદ ગુંજ્યો

ધોરાજી,તા.૧૩



ધોરાજીમાં પવિત્ર શ્રાવણ માસના અંતિમ દિવસે ભાદરવી અમાસ નિમિત્તે પ્રાચીન પંચનાથ મહાદેવ મંદિર સહિત તમામ શિવાલયો 'ઓમ નમઃ શિવાય'ના નાદથી ગુંજી ઉઠ્યા હતા. પંચનાથ મહાદેવ ખાતે મહંત શ્રી શ્રધ્ધાનંદગિરીજી મહારાજના સાનિધ્યમાં લઘુરુદ્રી અને મહાઆરતીનું આયોજન કરાયું હતું. શાસ્ત્રી બીપીનભાઈ દવેના જણાવ્યા અનુસાર, પાંડવોએ આ પવિત્ર સ્થળે પૂજા-અર્ચના કરી સ્વયંભૂ પાંચ શિવલિંગની સ્થાપના કરી હતી. સફુરા નદી કિનારે આવેલા આ મંદિરમાં ચોમાસામાં નદીમાં પૂર આવતા કુદરતી રીતે જ જલાભિષેક થાય છે. અમાસના પાવન પ્રસંગે મહાકાલેશ્વર, નાગનાથ, કોટેશ્વર સહિત ધોરાજીના વિવિધ શિવાલયોમાં પણ ભક્તોનું વિશાળ મેદની ઉમટી પડી હતી.

# પિતા વિનાના પરિવારમાં માતાના સંઘર્ષ અને બાળકોની મહેનતથી ત્રણ સંતાનો ડોક્ટર બન્યા

ઉના,તા.૧૩



ગીર સોમનાથના ઊના તાલુકાના સામતેર ગામના મેઘનાથી પરિવારે સમાજ સમક્ષ પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યું છે. વિનોદગીરી મેઘનાથીના નાની વયે અવસાન બાદ પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો હતો. પરંતુ માતા દક્ષાબેને હિમ્મત હાર્યા વિના સંતાનોને ઉચ્ચ શિક્ષણ આપી ડોક્ટર બનાવવાનું સ્વપ્ન સેવ્યું હતું. માતાના આ સ્વપ્નને સાર્થક કરતાં ઓમકારગીરીએ હિંમતનગર ગવર્મેન્ટ મેડિકલ કોલેજમાં MBBS માં પ્રવેશ મેળવ્યો છે, જ્યારે ઉમાબેન અમદાવાદની એમ. કે. શાહ મેડિકલ કોલેજમાં MBBS ના ચોથા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે. તેમજ દેવાંશીબેને BAMS નો અભ્યાસ પૂર્ણ કરી સામતેર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઈન્ટર્નશીપ શરૂ કરી છે. માતા દક્ષાબેને આ સફળતાનો શ્રેય પોતાના દિયર હિતેન્દ્રગીરીને આપ્યો છે, જેમણે સંતાનોને પિતાની ખોટ ચાલવા દીધી નથી. દશનામ ગોસ્વામી સમાજ અને ગ્રામજનોએ મેઘનાથી પરિવારની આ સિદ્ધિને બિરદાવી શુભેચ્છાઓ પાઠવી છે.

# સુરતમાં બહેનના સ્મરણાર્થે ભાઈઓએ શહીદ જવાનોના પરિવાર માટે ૧.૫૧ લાખનું દાન આપ્યું

સુરત,તા.૧૩



સુરતમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મેળવનાર સ્વ. નિર્મળાબેન પટેલના અવસાન બાદ તેમના ભાઈઓ અશ્વિનભાઈ અને રાજેન્દ્રભાઈ પટેલે 'જય જવાન નાગરિક સમિતિ'ને રૂ. ૧,૫૧,૦૦૦નું દાન અર્પણ કર્યું છે. મહેસાણાના મૂળ વતની નિર્મળાબેન જીવતેજીવ દર વર્ષે સમિતિને દાન આપતા હતા. તેમના રાષ્ટ્રપ્રેમને જીવંત રાખવા પરિવારે આ સહયોગ આપ્યો છે. આ ઉપરાંત, જ્ઞાનગંગા વિદ્યાલય અને પ્રવીણભાઈ પાનસુરીયા તરફથી પણ રૂ. ૫૧-૫૧ હજારનો ચેક અર્પણ કરાયો હતો. તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં શહીદ થયેલા તાપીના વીર જવાન ઋત્વિકકુમાર ચૌધરી અને રાજુલાના રાયફલમેન કિરીટ ગૌસ્વામીના પરિવારોને સમિતિ દ્વારા સન્માન સાથે આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ૧૯૯૯થી અત્યાર સુધીમાં જય જવાન નાગરિક સમિતિ સુરત દ્વારા ૪૯૩ શહીદ પરિવારોને કુલ રૂ. ૭.૯૭ કરોડની સહાય પહોંચાડવામાં આવી છે.

# રાજ્યના ૨૦૦ તાલુકામાં સાર્વત્રિક મેઘમહેર, તાપીના ઉકાઈમાં ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો

અમદાવાદ, તા. ૧૩

ગુજરાતમાં ફરી એકવાર ચોમાસું સક્રિય બનતાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદના કારણે અનેક સ્થળોએ પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ છે. રાજ્યના કુલ ૨૦૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. તાપીના ઉકાઈ તાલુકામાં સૌથી વધુ ૧૧.૮૧ ઈંચ એટલે કે ૩૦૦ મિમી વરસાદ નોંધાયો છે. જ્યારે સુરતના ઉમરપાડામાં ૮.૩૫ ઈંચ તથા ડાંગના સુબીર અને વઘઈમાં અનુક્રમે ૫.૭૧ અને ૫.૬૭ ઈંચ વરસાદ વરસ્યો છે.તાપીના સોનગઢમાં ૫.૫૧ ઈંચ અને ઉચ્છલમાં ૩.૯૮ ઈંચ વરસાદ નોંધાયો છે. સુરતના ચોર્યાસીમાં ૪.૪૧ ઈંચ, ઓલપાડમાં ૨.૭૨ ઈંચ તથા સુરત શહેરમાં ૨.૮૦ ઈંચ વરસાદ નોંધાયો છે. ડાંગના આહવામાં ૪.૩૭ ઈંચ, નર્મદાના ડેડિયાપાડામાં ૪.૨૫ ઈંચ અને ચીકડામાં ૩.૪૬ ઈંચ વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી રહી છે.ભરૂચના અંકલેશ્વરમાં ૩.૩૫ ઈંચ અને ભરૂચ શહેરમાં ૨.૮૭ ઈંચ વરસાદ નોંધાયો છે. નર્મદાના તિલકવાડામાં ૩.૧૯ ઈંચ, સાગબારામાં ૨.૭૬ ઈંચ અને નાંદોદમાં ૨.૪૮ ઈંચ વરસાદ પડ્યો છે. ભરૂચના હાંસોટ અને વાલિયામાં પણ બે ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. ભાવનગરના ઘોઘામાં ૩.૨૩ ઈંચ અને ભાવનગર શહેરમાં ૧.૭૭



ઈંચ, જ્યારે નવસારીના વાંસદામાં ૨.૮૦ ઈંચ વરસાદ નોંધાયો છે.ખેડા, આણંદ અને પંચમહાલ જિલ્લામાં પણ વરસાદી માહોલ જોવા મળ્યો છે. નડિયાદમાં ૨.૪૮ ઈંચ અને આણંદમાં ૨.૩૬ ઈંચ વરસાદ નોંધાયો છે. પંચમહાલના મોરવા હડફમાં ૨.૦૫ ઈંચ તથા છોટાઉદેપુરના નસવાડીમાં ૧.૭૭ ઈંચ વરસાદ પડ્યો છે. બીજી તરફ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ ઓછું રહ્યું છે. પાટણના સિધ્ધપુર અને સામી, અમદાવાદના બાવળા અને માંડલ તથા મહેસાણાના કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ નોંધાયો છે.

અમદાવાદ શહેરમાં પણ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો છે. પાલડી, વિશાલા, વાસણા, બોડકદેવ, રાણીપ, નવાવાડજ, અખબારનગર, મકરબા, સરખેજ અને એસ.જી. હાઈવે સહિતના વિસ્તારોમાં વરસાદ નોંધાયો છે. છોટાઉદેપુર, ગોધરા અને લુણાવાડા સહિતના વિસ્તારોમાં લાંબા સમય બાદ વરસાદ થતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો માટે આ વરસાદ ચોમાસુ પાક માટે રાહતરૂપ બન્યો છે. અમરેલી જિલ્લામાં પણ જાફરાબાદના ટીંબી, છેલાણા સહિતના ગામોમાં વરસાદી ઝાપટાં પડ્યાં છે.હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતમાં આગામી દિવસોમાં વરસાદનું જોર વધી શકે છે. ૧૪ થી ૧૬ સપ્ટેમ્બર દરમિયાન રાજ્યના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. લો-પ્રેશર, મોનસૂન ટ્રફ અને અન્ય હવામાની સિસ્ટમ સક્રિય થતાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં રેડ અને ઓરેન્જ એલર્ટની સ્થિતિ છે. ડાંગ, નવસારી, વલસાડ, અમરેલી અને ભાવનગર સહિત આશરે ૨૦ જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

## મોરબીના હળવદ તાલુકા માથક ગામે વાડીમાં વીજળી પડતાં માતા પૂત્રનું મોત

મોરબી, તા. ૧૩

મોરબી જિલ્લાના હળવદ તાલુકાના માથક ગામે એક અત્યંત દર્દનાક અને કાળજું કંપાવી દે તેવી દુર્ઘટના સામે આવી છે. માથક ગામની સીમમાં આવેલી માધવ ગોકળભાઈની વાડીએ ખેતમજૂરીનું કામ કરી રહેલા શ્રમિક પરિવાર પર અચાનક આકાશી આફત ત્રાટકી હતી. વહેતા વરસાદ અને તોફાની હવામાન વચ્ચે ખેતરમાં વીજળી પડતાં ત્યાં કામ કરી રહેલા મજૂર મહિલા અને તેમનો માસૂમ બાળક તેની ચપેટમાં આવી ગયા હતા. આ ગમખ્વાર ઘટનામાં ૨૮ વર્ષીય શ્રમિક મહિલા મનકુબેન નાયક અને તેમના ૪ વર્ષીય દૂધે ધોયા બાળ પુત્ર શ્યામ નાયકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. એકસાથે માતા-પુત્રના અકાળે અવસાનથી શ્રમિક પરિવારમાં ઘેરા શોકની કાળી ડીબ છવાઈ ગઈ છે. ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો તથા સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

## ઉના અને ગીર ગઢડા પંથકમાં વરસાદી વિરામ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી: ખેડૂતોને મોટી રાહત

ઉના, તા. ૧૩

ઉના અને ગીર ગઢડા પંથકમાં લાંબા વરસાદી વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર આગમન કર્યું છે. બપોરના સમયે વાતાવરણમાં પલટો આવ્યા બાદ ઉના શહેર સહિત સમઢીયાળા, મોલી, ધોકડવા, કાંધી અને સનવાવ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે શહેરના


તસવીર : કૈલાશ ભટ્ટ

મુખ્ય રસ્તાઓ અને બજારોમાં પાણી વહેતા થયા હતા, જેનાથી વાહનચાલકોને મુશ્કેલી પડી હતી. આ વરસાદથી અસહ્ય ગરમી અને બફારામાંથી મુક્તિ મળતા ચોમેર ઠંડક પ્રસરી ગઈ છે. ખેતરોમાં મગફળી સહિતના ઊભા પાકને પાણીની ભારે જરૂરિયાત હોવાથી આ મેઘમહેર ખેડૂતો માટે સંજીવની સમાન સાબિત થઈ છે. જમીનમાં ભેજનું પ્રમાણ વધતાં પાકને નવું જીવનદાન મળ્યું છે. મધ્ય ગીરનો મછુંન્દ્રી ડેમ હાલ ૪૮ ટકા જ ભરાયેલો હોવાથી આગામી દિવસોમાં પણ વધુ સારો વરસાદ થાય તેવી સ્થાનિકો અને ખેડૂતો આશા રાખી રહ્યા છે.

## અમદાવાદમાં એએમટીએસ-બીઆરટીએસ ડ્રાઈવરોની બબાલમાં મુસાફરો હેરાન

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદના ઈસ્કોન ક્રોસ રોડ પર બીઆરટીએસ કોરિડોરમાં એએમટીએસ બસના ડ્રાઈવરે ખોટી સાઈડથી ઓવરટેક કરવાનો પ્રયાસ કરતાં બીઆરટીએસ બસના ડ્રાઈવર સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. વિવાદ વકરતાં એએમટીએસ બસનો ડ્રાઈવર બસ કોરિડોરમાં મૂકીને ત્યાંથી ચાલ્યો ગયો હતો. ત્યારબાદ અન્ય ડ્રાઈવરોએ પણ બસો રોકી મુસાફરોને નીચે ઉતારી દેતાં જાહેર પરિવહન સેવા ખોરવાઈ હતી. અચાનક બસ સેવા બંધ થતાં કામકાજ માટે નીકળેલા મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ તેમજ એએમટીએસ અને અમદાવાદ જનમાર્ગ લિમિટેડના અધિકારીઓ સ્થળ પર પહોંચ્યા હતા. અધિકારીઓએ પરિસ્થિતિ કાબૂમાં લઈ બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા સામાન્ય કરવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

## સાબરમતી નદીમાંથી સતત બીજા દિવસે મૃતદેહ મળી આવતા ચકચાર

અમદાવાદ, તા.૧૩

સાબરમતી નદીમાંથી સતત બીજા દિવસે મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. આજે સવારે રિવરફ્રન્ટ વિસ્તારમાંથી યુવકની તરતી લાશ મળી આવી હતી. મૃતદેહની તપાસ દરમિયાન તેના હાથ પર મોબાઈલ નંબર સાથે હિન્દીમાં 'મેરે પાપા કો મેરી બોડી પહોંચા




દેના' લખેલું મળી આવ્યું હતું. પોલીસે નંબરના આધારે મૃતકની ઓળખ રાજસ્થાનના ડુંગરપુરના રોહિત પ્રજાપતિ તરીકે કરી પરિવારનો સંપર્ક કર્યો હતો. ફાયર બ્રિગેડની રિવર રેસ્ક્યૂ ટીમે મૃતદેહ બહાર કાઢ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી છે. રોહિત નદી સુધી કેવી રીતે પહોંચ્યો અને મૃત્યુનું કારણ શું છે તે અંગે તપાસ ચાલી રહી છે. એક દિવસ પહેલાં જમાલપુર નજીકથી હાડપિંજર મળ્યું હતું, પરંતુ બંને ઘટનાઓ વચ્ચે કોઈ સંબંધ હોવાનું હાલ સામે આવ્યું નથી.

## ભાવનગરમાં નકલી દારૂકાંડ બાદ પોલીસ વિભાગમાં મોટી કાર્યવાહી: સાત PI ની બદલી

ભાવનગર, તા. ૧૩

ભાવનગરમાં નકલી દારૂકાંડ સામે આવ્યા બાદ પોલીસ વિભાગમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લા પોલીસ અધિક્ષક નીતિશ પાંડેએ એકસાથે સાત પોલીસ ઈન્સ્પેક્ટરની બદલી કરી છે. આ બદલીને પગલે પોલીસ વિભાગમાં ચર્ચા જાગી છે. બદલી કરાયેલા અધિકારીઓમાં મહુવાના પીઆઈ એચ.કે. સોલંકીનો સમાવેશ થાય છે. તેમની મહુવાથી વરતેજ ખાતે બદલી કરવામાં આવી છે. જ્યારે પાલીતાણાના



પીઆઈ બી.એમ. કરમટાનીને મહુવામાં નવી જવાબદારી સોંપવામાં આવી છે. નકલી દારૂકાંડ બાદ અધિકારીઓની કામગીરી અને જવાબદારીમાં ફેરફાર કરાયો છે. એકસાથે સાત પીઆઈની બદલીથી સ્થાનિક પોલીસ કામગીરીમાં ફેરફાર થવાની શક્યતા વચ્ચે સમગ્ર કાર્યવાહી ચર્ચાસ્પદ બની છે.

## અમદાવાદમાં તોફાની વરસાદથી ખાડિયામાં મકાન ધરાશાયી થતાં ૪ લોકોનું રેસ્ક્યૂ

અમદાવાદ, તા.૧૩

૧૫ જિલ્લામાં રેડ એલર્ટ અમદાવાદ શહેરમાં રવિવારે સાંજે વીજળીના કડાકા અને તોફાની પવન સાથે તૂટી પડેલા અનરાધાર વરસાદને કારણે સમગ્ર વિસ્તાર જળબંબાકાર બની ગયો હતો. પૂર્વથી પશ્ચિમ સુધીના મુખ્ય માર્ગો પર પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર પૂરો ઠપ થઈ ગયો હતો. વરસાદના લીધે ખાડિયા વિસ્તારમાં એક જૂનું મકાન ધરાશાયી થતાં ચાર લોકો કાટમાળ નીચે દબાયા હતા. જોકે, ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તમામ ૪ લોકોને બચાવી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. શહેરમાં એક જ કલાકમાં સરેરાશ એકથી અઢી ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે, જેમાં હંસપુરા, નરોડા, મોટેરા અને ચાંદખેડામાં સૌથી વધુ આફત વરસાઈ હતી. હવામાન વિભાગે અમદાવાદ સહિત રાજ્યના ૧૫ જિલ્લાઓમાં આગામી ત્રણ કલાક માટે ભારેથી અતિભારે વરસાદનું 'રેડ એલર્ટ' જાહેર કરીને સરકારી તંત્રને સંપૂર્ણ સજ્જ રહેવા સૂચના આપી છે.











